સુવિચાર

''વિચાર ગમે તેટલો મહાન હોય, પણ એ અમલમાં ન આવે ત્યાં સુધી એની કોઈ કિંમત નથી હોતી.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૨૮૨

એક પછી એક રેંકડી અને કેબિનધારક દ્વારા દબાણ થઈ રહ્યું છે

અમરેલીમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર દબાણ

હરિરામબાપા ચોકથી શરૂ કરીને ગાંધીબાગ સુધીનાં માર્ગ ઉપર બંને બાજુ રેંકડીઓનો જમેલો

પાણીપુરી, લીલા નાળીયેર, ફૂલહાર સહિતની રેંકડિઓની કતારથી અકસ્માતની સંભાવના

માર્ગ પહોળો બન્યો તેનો લાભ શહેરીજનોને બદલે દબાણકર્તાઓને મળી રહ્યો છે

પાલિકા અને ટ્રાફિક વિભાગે શહેરીજનોનાં હિતમાં રેંકડિ સંચાલકને અન્યત્ર ખસેડવા જરૂરી






અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરની ધરતી જાણે કે "સબભૂમિ ગોપાલકી" હોયતેમ જાહેર માર્ગ ઉપર રેંકડિઓ, કેબિનો કે વાહન પાર્ક કરો કોઈ પુછવાવાળુ જ નથી. શહેરની ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ અર્થે મુખ્ય માર્ગોને પહોળો કરવામાં આવ્યો તો તેનો લાભ શહેરીજનોને બદલે દબાણકર્તાઓ લેતા થયા છે.

અમરેલીનાં ટ્રાફિકથી ધમધમતાં હરિરામબાપા ચોકથી લઈને ગાંધીબાગ સુધીનાં નવા અને પહોળા બનેલ માર્ગ ઉપર પાણીપુરી, ફૂલહાર, લીલા નાળીયેરની રેંકડિઓની લાઈન લાગી છે. આના કારણે ગ્રાહકો માર્ગ ઉપર વાહન ઉભા રાખીને ખરીદી કે ખાણી–પીણી કરતાં હોવાથી શહેરીજનોને પોતાનું વાહન લઈને પસાર થવામાં સાવચેત રહેવું પડે છે નહીતો અકસ્માતની ઘટના બની શકે છે.

શહેરમાં ગાંધીબાગ રોડ ઉપર, ખાદીભવન, પોસ્ટ ઓફિસ, લાયબ્રેરી ચોક, જુના માર્કેટયાર્ડ રોડ સહિતનાં વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં દબાણ જોવા મળી રહ્યું હોય પાલિકા અને ટ્રાફિક વિભાગે જાહેર માર્ગમાં અડચણરૂપ બનતા તમામ ધંધાર્થીઓ માટે એક નિયત સ્થળ નક્કી કરીને તે સ્થળ ઉપર રજીસ્ટ્રેશન સાથે વેપાર કરવાની મંજૂરી આપવી જોઈએ અને ટ્રાફિકની સમસ્યાથી શહેરીજનોને છુટકારો આપવો જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારનું કહેવું છે

રાજ્યનાં સર્વોચ્ચ પદ પર પહોંચવાનો માપદંડ જ્ઞાતિ કે જાતિ નહી, પરંતુ વ્યકિતની લાયકાત, દુરંદેશી અને નેતૃત્વ ક્ષમતા હોવો જોઈએ

સોશ્યલ મીડિયાનાં માધ્યમથી જનતા સમક્ષ યોગ્ય વાત રજુ કરી

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વપ્રમુખ ડો. કાનાબારે સોશ્યલ મીડિયાનાં માધ્યમથી મુખ્યમંત્રી કેવા હોવા જોઈએ તે અંગે એક મહત્વનું સુચન કર્યું છે.

તેઓએ જણાવેલ છે કે, ગુજરાતનાં મુખ્યમંત્રી પાટીદાર સમાજનાં હોય, કોળી સમાજનાં હોય, અન્ય ઓબીસી સમાજનાં હોય કે પછી કોઈ પણ અન્ય સમાજમાંથી આવતા હોય, તેની સામે કોઈ વાંધો હોવો જોઈએ નહીં.

પરંતુ ગુજરાતની જનતાની વ્યાજબી અપેક્ષા છે કે રાજ્યનાં સર્વોચ્ચ પદ પર પહોંચવાનો માપદંડ જ્ઞાતિ કે જાતિ નહીં, પરંતુ વ્યકિતની લાયકાત, દૂરંદેશી અને નેતૃત્વક્ષમતા હોવો જોઈએ.

નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસનાં રોડમેપ પર તેજ ગતિએ આગળ વધી રહેલા ગુજરાતનું સુકાન એવા સક્ષમ હાથોમાં હોવું જોઈએ, જે રાજ્યને વિકાસની નવી ઊંચાઈઓ સુધી લઈ જઈ શકે.

મુખ્યમંત્રી કોઈ એક જ્ઞાતિનો પ્રતિનિધિ નહીં, પરંતુ ગુજરાતનાં સાડા છ કરોડથી વધુ નાગરિકોની આશાઓ, અપેક્ષાઓ અને આકાંક્ષાઓનો પ્રતિનિધિ હોવો જોઈએ.

દુર્ભાગ્યએ છે કે આઝાદીનાં લગભગ આઠ દાયકા પછી પણ આપણે રાજકીય નેતૃત્વની પસંદગીમાં જ્ઞાતિ–જાતિનાં વાડાઓમાંથી બહાર નીકળી શકયા નથી!





ડબલ સવારી બાઈકનાં ચાલકે કાબુ ગુમાવતાં

રાજુલાનાં મેરીયાણા–ખારી માર્ગ ઉપર અકસ્માતે એક વ્યકિતનું મોત

સ્થાનિક પોલીસે બાઈક સવાર વિરૂધ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૧૮

મહુવા તાલુકાના નેસવડ ગામે રહેતા અતુલભાઈ બાબુભાઈ મકવાણા નામના ૩૧ વર્ષીય ખેડૂતના ભાઈ મરણ જનાર મુન્નાભાઈ બાબુભાઈ મકવાણા તેના મિત્ર મોટર સાયકલ ચાલક જયદીપસિંહ રાયસિંહ પરમાર સાથે મહુવા માર્કેટમાં માંડવીની હરાજીમાં ગયેલ હતા અને તા. ૧૬ના રોજ ૯:૧૫ વાગ્યાના અરસામાં પરત આવતા હતા. ત્યારે મોટર સાયકલ ચાલક જયદીપસિંહ રાયસિંહ પરમાર અને મરણ જનાર મુન્નાભાઈ બાબુભાઈ મકવાણા મોટર સાયકલ પાછળ બેસેલ હતા. મોટર સાયકલ ચાલકે પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી રાજુલા તાલુકાના મેરીયાણા–ખારી ગામે રોડ વચ્ચે વળાંકમાં પહોંચતા મોટર સાયકલ ઉપરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા મરણ જનાર મુન્નાભાઈને માથાના ભાગે, કમરના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા મુન્નાભાઈનુ મોત નિપજાવી દીધાની મોટર સાયકલ ચાલક જયદીપસિંહ રાયસિંહ પરમાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

એક જ રાતમાં વાડીનાં ફરજામાંથી ત્રણ ભેંસની ચોરી

અમરેલીનાં નાના ભંડારિયા ગામે તસ્કરોનો તરખાટ

તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ

અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકામાં નાના ભંડારિયા ગામે તસ્કરોએ એક ખેડૂતની વાડીને નિશાન બનાવી એક જ રાતમાં ત્રણ ભેંસની ચોરી કરી ફરાર થઈ જતાં પશુપાલકમાં ચકચાર મચી છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી તાલુકાનાં નાના ભંડારિયા ગામે રહેતા અને ખેતીકામ કરતા જગદીશભાઈ ગોવિંદભાઈ ત્રાપસિયા દ્વારા પોતાની વાડીમાં પશુઓ બાંધવા માટે બનાવેલા ફરજામાં ત્રણ ભેંસ બાંધવામાં આવી હતી. ગત તા. ૧૬નાં રાત્રે ૧૦ વાગ્યા થી તા. ૧૭નાં સવારના ૬ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે વાડીના ફરજામાં પ્રવેશ કરી એક ભેંસ જેની કિંમત રૂપિયા ૧.૨૫ લાખ તેમજ અન્ય બે ખડાયા ભેંસ જેની કિંમત રૂપિયા ૬૦–૬૦ હજાર મળી કુલ ત્રણ ભેંસની કિંમત રૂપિયા ૨.૪૫ લાખની મતાની ચોરી કરી હતી.

સવારે પશુઓની તપાસ કરતા ત્રણેય ભેંસ ગાયબ હોવાનું જણાતાં ખેડૂતને ચોરી થયાની જાણ થઈ હતી. આ બનાવ અંગે અમરેલી તાલુકા મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

લ્યો બોલો : માર્ગમાં અડચણરૂપ બન્યો વીજપોલ



દામનગરમાં સરકારી હોસ્પિટલમાં સાંજથી સવાર સુધી અને અહીંથી પસાર થતાં ગારિયાધાર રોડ પર અવરજવર કરતા વાહન ચાલકો અને આસપાસના રહેણાંકી વિસ્તારના લોકો અને દર્દીઓ માટે રાત્રીના સમયે અંજવાળું રહે તે માટે સ્થાનિક તંત્રએ ઉભો કરેલ સ્ટ્રીટ લાઈટનો થાંભલો રસ્તાની વચ્ચે હોય અકસ્માત થવાની શકયતા રહેલી હોય. આ થાંભલાને ખસેડી જયાં નડતરરૂપ ન થાય તે રીતે ઉભો કરવા નગરપાલિકા તંત્ર યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

Krishna DINING HALL

કિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

શું આપને સાંધા બદલવાનાં ઓપરેશનની સલાહ આપેલી છે
શું આપ થાપાના કે ઘૂંટણનાં સાંધાના દુઃખાવાથી પીડાવ છો ?
માં કાર્ડ તથા આયુષ્માન કાર્ડમાં આપની સારવાર તથા ઓપરેશન તદ્દન ફ્રીમાં કરી આપવામાં આવશે
24/7 Emergency Services
GUVNL

ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthoedics, F.I.J.R
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629/ 99045 93355

રાજ્યભરમાં 'ઓપરેશન હેલ્થ' શરૂ

આઈસ્ક્રીમના નામે મોંઘા ભાવે વેચાય છે ફ્રોઝન ડેઝર્ટ

ગ્રાહકોને આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત સમજાવવા પહેલ; દુકાનદારોને સ્પષ્ટ ઓળખ સાથે વેચાણ કરવાની સૂચના

અમદાવાદ, તા.૧૮

આઈસ્ક્રીમના નામે ગ્રાહકોને મોંઘા ભાવે ફ્રોઝન ડેઝર્ટ વેચવામાં આવતું હોવાની ફરિયાદો વચ્ચે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને ખોરાક-ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી 'ઓપરેશન હેલ્થ' શરૂ કરવામાં આવ્યું છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ ગ્રાહકોમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેના તફાવત અંગે જાગૃતિ લાવવાનો છે. સાથે જ વેપારીઓ દ્વારા બંને ઉત્પાદનોના વેચાણ સમયે યોગ્ય ઓળખ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

હાલ બજારમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ દેખાવમાં લગભગ સરખાં લાગતાં હોવાથી સામાન્ય ગ્રાહકો માટે બંને વચ્ચેનો તફાવત પારખવો મુશ્કેલ બને છે. કેટલાક વેપારીઓ ફ્રોઝન ડેઝર્ટ સસ્તા ભાવે ખરીદીને તેનું વેચાણ આઈસ્ક્રીમ તરીકે ઊંચા ભાવે કરતા હોવાની ફરિયાદો પણ સામે આવી છે. આવી ગેરરીતિ અટકાવવા તંત્ર દ્વારા જનજાગૃતિની સાથે નિયમનાત્મક કાર્યવાહી પર ભાર મૂકવામાં આવશે.

આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો મુખ્ય તફાવત તેમાં વપરાતી ચરબીના પ્રકારનો છે. આઈસ્ક્રીમ મુખ્યત્વે દૂધની ચરબી એટલે કે મિલ્ક ફેટમાંથી તૈયાર કરવામાં આવે છે, જ્યારે ફ્રોઝન ડેઝર્ટમાં વનસ્પતિજન્ય ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. બંને ઉત્પાદનો દેખાવ, સ્વાદ અને ઠંડકની દૃષ્ટિએ એકસરખાં લાગતાં હોવા છતાં તેમની બનાવટ અને ઘટકો અલગ હોય છે. તેથી ગ્રાહકો માત્ર પેકેટના દેખાવ કે કિંમતના આધારે ખરીદી કરવાને બદલે તેના પર આપવામાં આવેલી માહિતી તપાસે તે જરૂરી છે.

'ઓપરેશન હેલ્થ' અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગ્રાહકોને આઈસ્ક્રીમ ખરીદતાં પહેલાં પેકેટનું લેબલ ધ્યાનથી વાંચવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને ઉત્પાદનનું નામ, તેમાં વપરાયેલા ઘટકો અને પોષકતત્ત્વોની વિગતો તપાસવી જરૂરી છે. ગ્રાહકોને ફક્ત બ્રાન્ડ, પેકિંગ અને જાહેરાતના આધારે નિર્ણય ન લેવા પણ સમજાવવામાં આવશે. ઉત્પાદન ખરેખર આઈસ્ક્રીમ છે કે ફ્રોઝન ડેઝર્ટ તે જાણી લીધા બાદ જ ખરીદી કરવી જોઈએ.

તંત્ર દ્વારા છૂટક વેપારીઓને પણ આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત સ્પષ્ટ રાખવાની સૂચના આપવામાં આવશે. ગ્રાહકને જે ઉત્પાદન વેચવામાં આવે તેની યોગ્ય ઓળખ અને માહિતી આપવી વેપારીની જવાબદારી રહેશે. ફ્રોઝન ડેઝર્ટને આઈસ્ક્રીમ તરીકે રજૂ કરીને ગ્રાહકો પાસેથી વધુ કિંમત વસૂલતા વેપારીઓ સામે નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

રાજ્યવ્યાપી અભિયાનને વધુ અસરકારક બનાવવા શિક્ષિત વર્ગ, સોશિયલ મીડિયા યુઝર્સ અને જાગૃત નાગરિકોને પણ જોડાવા અપીલ કરવામાં આવી છે. આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેના તફાવત અંગે વધુમાં વધુ લોકો સુધી સાચી માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. જેમ પનીર અને એનાલોગ પનીર વચ્ચેનો તફાવત સામાન્ય ગ્રાહકો માટે ઓળખવો મુશ્કેલ બને છે, તેવી જ સ્થિતિ આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટમાં પણ જોવા મળે છે. ત્યારે 'ઓપરેશન હેલ્થ' દ્વારા ગ્રાહકોને જાગૃત કરીને ખાદ્યપદાર્થોની ખરીદીમાં પારદર્શિતા લાવવાનો સરકારનો પ્રયાસ કેટલો સફળ થાય છે તે જોવું રહ્યું.

ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે

લાઠીનાં છભાડીયા ગામે રૂા. ૧.૨૦ કરોડનાં ખર્ચે માઇનોર બ્રિજનું ખાતમુહૂર્ત

સ્થાનિક ગ્રામજનોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૮

લાઠી તાલુકાનાં છભાડીયા ગામે ગ્રામજનોની સુવિધા અને આવાગમનને વધુ સરળ અને સુગમ બનાવવાના હેતુથી રૂા. ૧.૨૦ કરોડનાં ખર્ચે માઈનોર બ્રિજના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

છભાડીયા ગામ તથા આસપાસના વિસ્તાર માટે મહત્વપૂર્ણ એવા આ માઈનોર બ્રિજનાં વિકાસ કાર્યથી સ્થાનિક લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પાણીનાં વહેણને કારણે સર્જાતી મુશ્કેલીઓમાં ઘટાડો થશે તેમજ ગ્રામજનો, ખેડૂતો અને વાહનચાલકો માટે સલામત અને સરળ પરિવહનની સુવિધા વધુ મજબૂત બનશે.

લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારમાં લોકોની જરૂરિયાત અને સ્થાનિક પ્રશ્નોને પ્રાથમિકતા આપી વિકાસકાર્યોને વેગ આપવામાં આવી રહ્યો છે. ધારાસભ્ય દ્વારા વિવિધ વિસ્તારોમાં રસ્તા, પુલ, પાણી, શિક્ષણ સહિતનાં માળખાકીય વિકાસનાં કામો માટે સતત રજૂઆતો અને પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે અનેક વિકાસકાર્યોને મંજૂરી મળી રહી છે.

ચાંદીની વરખ સમજીને ખાતા હતા એલ્યુમિનિયમ

નકલી વરખ બનાવતી ૪ ફેક્ટરીઓનો પર્દાફાશ

કાજુ કતરીથી લઈને મીઠા પાન સુધી એલ્યુમિનિયમના વરખનો ઉપયોગ થતો હોવાનો ખુલાસો; હૈદરાબાદમાં પોલીસના દરોડા

હૈદરાબાદ, તા.૧૮

મીઠાઈ અને મીઠા પાન પર ચમક માટે લગાવવામાં આવતી ચાંદીની વરખના નામે એલ્યુમિનિયમનું વરખ વેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં અસલી ચાંદીને બદલે સસ્તા એલ્યુમિનિયમમાંથી નકલી ચાંદી જેવું વરખ બનાવતી ચાર ફેક્ટરીઓનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી બાદ મીઠાઈ સહિતના ખાદ્ય પદાર્થોની શુદ્ધતા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

હૈદરાબાદના ચારમિનાર અને આસપાસના વિસ્તારોમાં આવેલી ચાર ઉત્પાદન ફેક્ટરીઓ પર કમિશનર ટાસ્ક ફોર્સ અને સ્થાનિક પોલીસે સંયુક્ત રીતે દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન આ એકમોમાં અસલી ચાંદીના બદલે સસ્તા એલ્યુમિનિયમનો ઉપયોગ કરીને ચાંદી જેવું દેખાતું પાતળું વરખ બનાવવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ફેક્ટરીઓમાં તૈયાર થતું નકલી વરખ કાજુ કતરી, કાજુ રોલ અને મીઠા પાન જેવી ખાદ્ય વસ્તુઓમાં ઉપયોગ માટે સપ્લાય કરવામાં આવતું હતું. ગ્રાહકો મીઠાઈ પર ચમકતું પડ અસલી ચાંદીનું હોવાનું માનીને ખરીદતા હતા, પરંતુ વાસ્તવમાં તેમાં એલ્યુમિનિયમનો ઉપયોગ થતો હોવાનો ખુલાસો થયો છે.

આ ઉપરાંત એલ્યુમિનિયમ ફ્લેક્સ અને સજાવટ માટેની અન્ય સામગ્રી પણ બનાવવામાં આવતી હતી. એલ્યુમિનિયમનું પડ ચઢાવેલી ખાંડની ગોળીઓ પણ તૈયાર કરવામાં આવતી હતી, જેનો ઉપયોગ બેકરીઓમાં કેક અને અન્ય ખાદ્ય વસ્તુઓની સજાવટ માટે થતો હતો.

પોલીસની તપાસમાં ચારેય ઉત્પાદન એકમો પાસે જરૂરી **FSSAI** લાઇસન્સ ન હોવાનું પણ સામે આવ્યું છે. ખાદ્ય પદાર્થોમાં ઉપયોગ માટેની સામગ્રીનું ઉત્પાદન યોગ્ય મંજૂરી અને નિયમો વિના કરવામાં આવતું હોવાની બાબતને પોલીસે ગંભીરતાથી લીધી છે.

દરોડા દરમિયાન પોલીસે મોટી માત્રામાં નકલી વરખ અને ઉત્પાદન સામગ્રી જપ્ત કરી છે. જપ્ત કરવામાં આવેલા મુદ્દામાલમાં ૪૯ બંડલ નકલી ચાંદીના વરખ, એલ્યુમિનિયમ ફ્લેક્સ, આશરે એક કિલો એલ્યુમિનિયમનું પડ ચઢાવેલી ખાંડની ગોળીઓ, ઉત્પાદન મશીનરી અને અન્ય કાચો માલ સામેલ છે.

આ કૌભાંડ સામે આવ્યા બાદ પોલીસ હવે નકલી વરખનું નેટવર્ક કેટલું વિસ્તરેલું છે તેની તપાસ કરી રહી છે. આ વરખ કઈ-કઈ મીઠાઈની દુકાનો, પાનના ગલ્લાઓ અને બેકરીઓ સુધી પહોંચાડવામાં આવતું હતું તેની વિગતો મેળવવામાં આવી રહી છે. આ ગેરકાયદે કારોબારમાં અન્ય વેપારીઓ કે સપ્લાયરોની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

મીઠાઈની ચમક પાછળ છુપાયેલા આ કૌભાંડે ખાદ્ય સુરક્ષાની વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. તહેવારો અને લગ્નપ્રસંગોમાં મોટા પ્રમાણમાં વેચાતી મીઠાઈઓમાં વપરાતી સામગ્રીની ગુણવત્તા અંગે ગ્રાહકોમાં ચિંતા ફેલાઈ છે.

એકતાના રંગે રંગાયા સમગ્ર ગ્રામજનો

લીલીયા મોટા : ગુંદરણ ગામે ૮૦ વર્ષ બાદ સર્વજ્ઞાતિ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

''વતન ના રતન'' કાર્યક્રમાં ઉત્સાહનો માહોલ



લીલીયા મોટા, તા. ૧૮

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે એકતા, ભાઈચારા અને સામાજિક સમરસતાનો અનોખો સંદેશ આપતો 'વતન ના રતન' સર્વ જ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો હતો.

આઝાદીના ૮૦ વર્ષ બાદ સૌ પ્રથમવાર ગુંદરણ ગામે એડવોકેટ વિજય સોનાણીના આયોજન અને પ્રયાસોથી તમામ જ્ઞાતિ, સમાજ અને વર્ણના લોકોને એક મંચ પર એકત્રિત કરી આ અનોખા સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગામના સરપંચ, ઉપસરપંચ, વિવિધ સમાજના આગેવાનો, વડીલો, યુવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. દરેક સમાજના આગેવાનો અને ગ્રામજનોની સહભાગિતાએ આ કાર્યક્રમને ખરા અર્થમાં સર્વ જ્ઞાતિ સ્નેહ મિલનનું સ્વરૂપ આપ્યું હતું.

કાર્યક્રમનું સુંદર અને પ્રભાવશાળી સંચાલન જાણીતા કથાકાર બુધેશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના આગવા વક્તવ્ય અને સંચાલનથી સમગ્ર કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ ઉમેરાયું હતું.

'વતન ના રતન' કાર્યક્રમનો મુખ્ય હેતુ ગામમાં જ્ઞાતિ–જાતિના ભેદભાવથી ઉપર ઊઠીને એકતા, ભાઈચારો, પરસ્પર સન્માન અને સામાજિક સમરસતાની ભાવના વધુ મજબૂત કરવાનો હતો. ગામના તમામ સમાજના લોકો એકસાથે એક મંચ પર ઉપસ્થિત રહી આ હેતુને સાકાર કરતા જોવા મળ્યા હતા.

આ પ્રસંગે એડવોકેટ વિજય સોનાણીએ જણાવ્યું હતું કે, આપણું ગુંદરણ ગામ માત્ર એક ગામ નથી, પરંતુ તમામ સમાજના લોકોની એકતા, ભાઈચારો અને પ્રેમથી બનેલો એક પરિવાર છે. ગામનો સાચો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે તમામ સમાજના લોકો સાથે મળીને ગામના હિતમાં કાર્ય કરે. આપણું સૂત્ર એક જ છે – જ્ઞાતિ નહીં, એકતા અને વિકાસની ભાવના સર્વોપરી. સમગ્ર કાર્યક્રમ સૌના સહકાર, સહભાગિતા અને ઉત્સાહથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ દ્વારા ગુંદરણ ગામે સામાજિક એકતા અને સમરસતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

સાવરકુંડલાની શ્રીકૃષ્ણ ગૌશાળા ખાતે પાંચ દિવસીય ગૌસેવા સંપન્ન



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાના વતની અને હાલ મુંબઈ ખાતે વસવાટ કરતા જૈન સમાજના વિમલયાત્રા પરિવાર દ્વારા સ્વ. જયોત્સનાબેન દિલીપભાઈ દોશીની ૨૨મી પવિત્ર પુણ્યતિથિ અનોખી રીતે ઉજવવામાં આવી છે. આ નિમિત્તે માતુશ્રી વિમળાબેન હિંમતલાલ દોશીના હસ્તે સાવરકુંડલા નેસડી રોડ પર આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા–પાંજરાપોળ ખાતે ૫૦,૦૦૦ નું અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું.

આ અનુદાન દ્વારા ગૌશાળામાં માવજત પામતાં ૧૫૦ ઉપરાંતના ગૌવંશ માટે સતત પાંચ દિવસ સુધી ખોળ , ગોળ અને લીલાં ઘાસચારાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી મૂગા જીવોની ઉત્તમ સેવા થઈ શકી હતી.

આ પવિત્ર અવસરે ઉદારદિલ અને સખાવતી સ્વભાવ ધરાવતા દિલીપભાઈ હિંમતભાઈ દોશીએ પોતાની અત્યંત વ્યસ્તતામાંથી સમય ફાળવીને શ્રી કૃષ્ણ ગૌશાળાની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે પોતાના હસ્તે ગૌમાતાને લીલો ઘાસચારો ખવડાવી ગૌસેવાનો લાભ લીધો હતો અને ગૌસેવા નિહાળીને વિશેષ રાજીપો વ્યક્ત કર્યો હતો.

ગૌશાળા પરિસરમાં નિર્માણ પામી રહેલા નૂતન શેડનું તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. શેડની બાંધકામ કામગીરી તથા ગૌમાતાની સુવિધા માટે ચાલી રહેલા વિવિધ સેવાકીય કાર્યો જોઈ તેમણે આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે,ગૌશાળાની પ્રવૃત્તિઓમાં દિવસ–રાત જહેમત ઉઠાવનાર ગૌભક્ત જયેશભાઈ માટલિયાના કાર્યોની મુક્તકંઠે સરાહના કરી હતી.

સ્વજનની સ્મૃતિને જીવદયા અને ગૌસેવા જેવા સત્કાર્ય સાથે જોડીને પાંચ દિવસ સુધી ગૌમાતાની સેવા કરવી એ દોશી પરિવારની સંસ્કારસભર ભાવનાઅને કરૂણાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

આ પ્રસંગે જૈન સમાજના અગ્રણી જયેશભાઈ દોશી, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર, ગૌસેવાભાવી જયેશભાઈ માટલિયા, મનોજભાઈ મહેતા, કુશાંગ ગોહેલ અને નીતિનભાઈ ભરખડા સહિતના અનેક ગૌસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ–સાવરકુંડલા પરિવાર દ્વારા સ્વ. જયોત્સનાબેનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને ગૌસેવા તેમજ જીવદયાના આ ઉમદા યોગદાન બદલ દોશી પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ

ઝાંપોદર મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતના ખેતરની મુલાકાત લીધી

પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોને આહ્વાન કર્યું



અમરેલી, તા. ૧૮

આજરોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ અમરેલી જિલ્લાના રાજુલાના તાલુકાના ઝાંપોદર (જુની માંદરડી રોડ સ્થિત) મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે અહીં આંબા, વિવિધ ફળ અને શાકભાજી સહિતના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

આ મુલાકાત વેળાએ રાજ્યપાલે ખેડૂતોને યુરિયા સહિત રાસાયણિક ખાતરયુક્ત અને જંતુનાશકત દવાઓયુક્ત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી લોક કલ્યાણકારી ખેતી અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતુ.

રાજ્યપાલે આ મુલાકાત દરમિયાન ખેડૂતો સાથે આત્મીયતા ભર્યો સંવાદ કર્યો હતો તથા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના પ્રોત્સાહક અનુભવો જાણી હર્ષ વ્યક્ત કર્યો હતો.

રાજ્યપાલની મુલાકાત વેળાએ જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક કૃષિકાર દાનાભાઈ લાડુમોરના ફાર્મ ખાતે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત સર્વે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેનું મહત્વ અને જીવામૃત,ઘનજીવામૃત તૈયાર કરવાની પદ્ધતિનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યપાલે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ સતત વધી રહ્યું છે, તેની નકારાત્મક અસરો માત્ર જળ,જમીન અને વાયુ પર નહીં, પરંતુ સાથે સાથે માનવીય જીવન પર પણ પડી રહી છે. કેન્સર સહીતના જીવલેણ રોગ સતત વધી રહ્યા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા અવિવેકી ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું સ્તર સતત ઘટી રહ્યું છે. આપણો ખોરાક હવે ગુણવત્તા ગુમાવી રહ્યો છે. જમીન પ્રદૂષિત બનીને બંજર બની રહી છે.

રાજ્યપાલે વર્તમાનની સાથે ભવિષ્યનો વિચાર કરીને પરિવારની જરૂરીયાત પ્રમાણે થોડી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ એ વિચાર પર વાત આગળ વધારતા ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એ પુણ્યનું કામ છે, પ્રાકૃતિક કૃષિ કરવાથી આવકમાં ઘટાડો થાય છે, તે ધારણા મૂળમાંથી જ ખોટી સાબિત થઈ રહી છે.

ઝાંપોદર મુકામે રાજ્યપાલની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર, સ્થાનિક આગેવાનો અને અગ્રણીઓ, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી મૌર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, એ.એસ.પી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ સહિતના અધિકારીઓ, બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજુલા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે રાજુલા તાલુકાનાં કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારની મુલાકાત લીધી હતી. રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ પૂર્વે કોટડી ગામના અનુસૂચિત જાતિ પરિવારનાં પ્રેમજીભાઈ જોગદીયાનાં ઘરે પધારી સવારનાં સાત્વિક અલ્પાહાર સાથે ભાવપૂર્વક આતિથ્ય માણ્યું હતું. રાજ્યપાલએ જોગદીયા પરિવારનાં સભ્યો સાથે આત્મીયતાથી સંવાદ કર્યો હતો અને પરિવારજનોના ખબર–અંતર પૂછયા હતા. રાજ્યપાલનાં આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી જોગદીયા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. રાજ્યપાલએ અનુસૂચિત જાતિ પરિવાર સાથે અલ્પાહાર કરીને સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની વસુધૈવ કુટુંબકમની ભાવનાનું સુંદર દ્રષ્ટાંત પૂરૂ પાડ્યું હતું. જોગદીયા પરિવારે રાજ્યપાલ પોતાના આંગણે પધાર્યા અને પરિવાર સાથે સવારનાં અલ્પાહાર સાથે આતિથ્ય માણ્યું તેબદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશકુમાર મેર્ય, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, એ.એસ.પી. જયવીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

જનતા જનાર્દનની જાણકારી અર્થે જાહેર બોર્ડ લગાવાયુ નથી

અમરેલીથી બગસરા વચ્ચે બનતા માર્ગમાં નિયમોનો ઉલાળીયો

માર્ગનું કામ શરૂ હોય સુરક્ષાનાં નિયમોનું પણ પાલન થતું ન હોય સ્પષ્ટ જોવા મળે છે

માર્ગ બનાવવાની ગુણવત્તા પણ જળવાતી ન હોવાનું વાહનચાલકો માની રહ્યા છે

નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓ સ્થળ પરીક્ષણ કરી એજન્સી પાસે નિયમોનું પાલન કરાવે

જનતા અને જનપ્રતિનિધિની સહનશીલતા અને ધીરજનો લાભ લેવાતો હોય તેવું લાગી રહ્યું છે

અમરેલી, તા. ૧૮

અમરેલી–બગસરા વચ્ચે મહુવા–જેતપુર નેશનલ હાઈવે અંતર્ગત માર્ગ બનાવવાનું કામ શરૂ છે. પ્રથમ દ્રષ્ટિએ જોતા જ લાગે છે કે માર્ગ બનાવવાનાં નિયમોનો ઉલાળીયો થઈ રહ્યો છે.

જયારે, પણ કોઈ માર્ગ બનવાનું શરૂ થાય તે પહેલા જેના પરસેવાનાં પૈસાથી માર્ગ બને છે તે જનતાની જાણકારી અર્થે માર્ગ કયાંથી કયાં સુધી બનવાનો છે, કયાં સરકારી વિભાગ દ્વારા માર્ગ બને છે, કામ કયારે શરૂ થયું અને કયારે પૂર્ણ થશે, કેટલો ખર્ચ થશે અને કોઈ ફરિયાદ હોય તો કયાં વિભાગને કરવાની તેનું સરનામુ અને મોબાઈલ નંબર તેમજ કઈ બાંધકામ એજન્સી કામ કરે છે તે સઘળી માહિતી વિશાળ બોર્ડ પર દર્શાવવી ફરજિયાત હોય છે તેનું કોઈ પાલન થતું હોય તેવું જોવા મળતું નથી.

તદુઉપરાંત, જયારે, પણ માર્ગ બનતો હોય નજીકમાંથી પસાર થતાં વાહનોને મુશ્કેલી ન પડે તે માટેની સુરક્ષા વ્યવસ્થા કરવાની હોય છે. તેમજ રાત્રિનાં સમયે દૂરથી દેખાય તેવા રેડિયમ પટ્ટા લગાવવાના હોય છે, ધુળ ની ડમરીઓ ન ઉડે, પેચવર્ક, કપચી, ડામરનાં નિયમનું પાલન કરવું પણ જરૂરી હોય છે.

પરંતુ, માર્ગ ઉપર પસાર થતાં સ્પષ્ટ જોવા મળે છે કે મોટાભાગનાં નિયમોનો ઉલાળીયો થઈ રહ્યો હોય નેશનલ હાઈવે અને જનપ્રતિનિધિઓએ માર્ગનું સ્થળ પરીક્ષણ કરીને જરૂરી સુચનાં બાંધકામ કરનાર એજન્સીને આપવી જોઈએ તેવી માંગ વાહનચાલકો કરી રહ્યા છે.

પાલિકાની કારોબારી સમિતિનાં ચેરમેને રાજય મંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલીનાં રહેણાંક વિસ્તારનાં સાર્વજનિક પ્લોટનો વિકાસ કરવા મંજુરી આપવા રજુઆત

શહેરીજનોનાં હિતમાં ઝડપથી નિર્ણય કરવા માંગ



અમરેલી, તા. ૧૮

અમરેલી પાલિકાની કારોબારી સમિતિનાં ચેરમેન મૌલિક ઉપાધ્યાયે રાજયમંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા ધ્વારા શહેરનાં વિવિધ વિસ્તારો અને સોસાયટીઓમાં આવેલા સાર્વજનિક (કોમન) પ્લોટનો યોગ્ય વિકાસ કરી ત્યા બગીચા, પેવર બ્લોક, રમત–ગમતનાં મેદાનો, કમ્પાઉન્ડ વોલ તેમજ નાગરિકો માટેની પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પરંતુ, આ સાર્વજનિક પ્લોટોનાં ડેવલપમેન્ટ માટે મંજુરી મેળ વવાની પ્રક્રિયા દરમિયાન કલેકટર કચેરી ધ્વારા જમીનનાં "મુળ માલિક" પાસેથી સાર્વજનિક પ્લોટ અંગેનું રાજીનામું (હક્ક કમીનું પત્રક/એનઓસી) રજુ કરવાની શરત મુકવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે, આ સોસાયટીઓ ૨૦થી ૪૦ વર્ષ જુની છે અને આજે સંપૂર્ણપણે વસવાટ ધરાવતા વિસ્તારોમાં પરિવર્તિત થઈ ચુકી છે.

લે–આઉટ પ્લાન મંજુર કરતી વખતે જ આ પ્લોટો સાર્વજનિક ઉપયોગ માટે અનામત રાખવામાં આવ્યા હતા.

હાલમાં મોટાભાગની સોસાયટીઓના મુળ જમીન માલિકો (બિન–ખેડૂત/લે–આઉટ મુકનાર) હયાત નથી અથવા તો વર્ષોથી અન્ય જગ્યાએ સ્થળાંતરિત થઈ ગયા હોય તેમના કોઈ સરનામા કે વારસદારોની માહિતી ઉપલબ્ધ નથી.

વધુમાં જણાવેલ છે કે, મુળ માલિકો હયાત ન હોવાને કારણે રાજીનામું મેળવવું વ્યવહારિક રીતે અશકય બની ગયું છે, જેના કારણે વર્ષોથી આ સાર્વજનિક પ્લોટો બિન–ઉપયોગી, ધુળિયા કે દબાણનો ભોગ બનતે વીસ્થિતિમાં પડયા રહ્યા છે અને પ્રજાનાં નાણાંથી થતાં વિકાસકામો અટકી પડયા છે.

જેથી જે સોસાયટીઓના લે–આઉટ પ્લાનમાં સાર્વજનિક પ્લોટ દર્શાવેલ હોય અને સોસાયટીનાં રહીશો ધ્વારા સ્વૈચ્છિક સમંતિ/ઠરાવ આપવામાં આવે, તેવા કિસ્સામાં "મુળ માલિકનાં રાજીનામા"ની શરતમાં મુકિત આપવામાં આવે.

સોસાયટીનાં રજીસ્ટર્ડ મંડળ /રહીશોના સર્વાનુમતે ઠરાવ અને નગરપાલિકાનાં કારોબારી ઠરાવનાં આધારે આ પ્લોટોને જાહેર જનતાનાં ઉપયોગ અર્થે ડેવલપ કરવાની વિશેષ/ખાસ મંજુરી કલેકટર કચેરી ધ્વારા આપવામાં આવે.

જરૂર જણાય તો ગુજરાત સરકાર ધ્વારા આ આ અંગે સ્પષ્ટ નીતિવિષયક પરિપત્ર કે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવ જેથી અમરેલી જ નહીં પણ સમગ્ર રાજયની નગરપાલિકાઓ આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવી શકે. અમરેલી શહેરનાં નાગરિકોના વ્યાપકહિતમાં અને શહેરનાં સૌંદર્યીકરણ તથા પ્રાથમિક સુવિધાઓ વધારવાનાં આ ભગીરથ કાર્યમાં સકારાત્મક નિર્ણય લઈ ઘટે તેવા આદેશો કરવા અંતમાં માંગ કરેલ છે.

આદુ-મરચાથી ભરપુર
સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

લાઠીનાં અડતાલા ગામે પાણી બાબતે ધમાલ મચી

અમરેલી, તા. ૧૮

લાઠીનાં અડતાલા ગામે પાણીની રજુઆત કરવા જતાં ગામનાં ઉપસરપંચે રજુઆત કર્તાને ધમકાવ્યાની ઘટના બનતાં ગ્રામજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ કરવા તજબીજ હાથ ધરી છે.

"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા કેરાળા(કમી) મંદબુધ્ધિના બાળકોની શાળાને રૂા. બે લાખનું અનુદાન અપાયું

અમરેલી, તા. ૧૮

અમરેલી સેવા ટ્રસ્ટ માનસિક દિવ્યાંગ બાળકોના વિકાસ અને કલ્યાણ પ્રેરિત કાર્યો કરે છે. તાજેતરમાં કમી–કેરાળા 'માનવ સ્મૃતિ' મંદબુધ્ધિ બાળકોની વિવિધલક્ષી નિવાસી શાળા જે જનકલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા ચાલા રહી છે. જયાં માનસિક દિવ્યાંગ (મદબુધ્ધિ ધરાવતા બાળકો) ને રહેવાની અને જમવાની સુવિધા નિઃશુલ્ક છે. તેમજ બાળ કોને શિક્ષણ, તાલીમ અને પુર્નવસનની કામગીરી કરી રહી છે. ત્યાંની આ સેવાની ભાવનાથી તેને ઉપયોગી થવાના હેતુસર અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા રૂા. બે લાખનું અનુદાન આપવામાં આવેલ છે. અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા જનકલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા ચાલતા કાર્યો અને નિવાસી શાળાની આ સેવાકીય પ્રવૃતિ માટે ઉપયોગી થવાની ભાવના સાથે આ અનુદાન આપેલ છે. તેમ ટ્રસ્ટના રાજુભાઈ પરિખ જણાવે છે.

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુધ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - 30/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ
(ઘારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

MORE COMFORT
Long Comfortable Seat
Underseat Storage 21 L
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

મસ્જિદમાં છુપાયો હતો લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર

કુલગામમાં CRPF ચોકી પર હુમલાનો માસ્ટરમાઇન્ડ લતીફ ભટ ઠાર થયો

સુરક્ષાદળોએ તેને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ તેણે હથિયાર મૂકવાનો ઇનકાર કર્યો હતો, અંતે થયેલી અથડામણમાં તે માર્યો ગયો હતો

શ્રીનગર, તા.૧૮

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. દક્ષિણ કાશ્મીરના જંગલપોરા વિસ્તારમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર મોહમ્મદ લતીફ ભટ ઠાર થયો છે. ૧૧ નવેમ્બરે કુલગામના મીર બજાર નજીક CRPF ચોકી પર થયેલા હુમલાનો તે મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસનું કહેવું છે. આ હુમલામાં ત્રણ CRPF જવાનો ઘાયલ થયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસને બાતમી મળી હતી કે લતીફ ભટ જંગલપોરા વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન લતીફ એક મસ્જિદમાં છુપાઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. સુરક્ષાદળોએ તેને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ તેણે હથિયાર મૂકવાનો ઇનકાર કર્યો હતો. અંતે થયેલી અથડામણમાં તે માર્યો ગયો હતો.કુલગામના SSP અનાયત અલીના જણાવ્યા અનુસાર, તેમણે પોતે લતીફ ભટ સાથે લાંબી વીડિયો કોલ પર વાત કરી હતી. તેને હથિયાર નીચે મૂકીને આત્મસમર્પણ કરવા સમજાવવામાં આવ્યો હતો. જો તે આત્મસમર્પણ કરે તો તેનો જીવ બચાવવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. જોકે, લતીફે આ તક સ્વીકારી નહોતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨.૪૫ વાગ્યે લતીફે મસ્જિદમાં પ્રવેશ કર્યા બાદ ફાયરિંગ શરૂ કર્યું હતું. તેને બહાર લાવવા માટે સુરક્ષાદળોએ ટિયર ગેસના શેલ છોડ્યા હતા. ત્યારબાદ તે મસ્જિદની બહાર આવતાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યો ગયો હતો.

ધાર્મિક સ્થળને નુકસાન ન પહોંચે તે માટે મસ્જિદની અંદર સીધી કાર્યવાહી ટાળવામાં આવી હોવાનું પણ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. SSPના જણાવ્યા અનુસાર, લતીફ ભટ ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ લશ્કર-એ-તૈયબામાં જોડાયો હતો. તેના પર સરહદ પારથી મળતા નિર્દેશોના આધારે જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને નુકસાન પહોંચાડવાના પ્રયાસોમાં સંડોવાયેલો હોવાનો આરોપ હતો. ૧૧ નવેમ્બરે મીર બજાર નજીક CRPF ચોકી પર થયેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ તેને ગણાવવામાં આવ્યો છે.

ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ, સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) અને CRPFની સંયુક્ત ટીમે આ આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધર્યું હતું.

કુલગામ જિલ્લામાં છેલ્લા સાત દિવસથી આતંકવાદીઓ વિરુદ્ધ સર્ચ અને ઓપરેશન તેજ કરવામાં આવ્યાં છે. ૧૬ નવેમ્બરે લારૂ વિસ્તારમાં થયેલી અથડામણમાં લતીફનો નજીકનો સાથી ઉમર માર્યો ગયો હતો. જ્યારે ૧૭ નવેમ્બરે અન્ય એક અથડામણમાં તેનો સાથી નાસિર ડાર પણ ઠાર થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૧ નવેમ્બરે CRPFની ટીમ પર હુમલો કરતાં પહેલાં લતીફ ભટ અને તેના સાથીઓએ કુલગામમાં રેકી કરી હતી. વિસ્તારના CCTV ફૂટેજમાં બંનેની હાજરી પણ જોવા મળી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. કુલગામ જિલ્લામાં સતત ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનને પગલે સુરક્ષાદળોએ વિસ્તારમાં દેખરેખ અને સર્ચ ઓપરેશન વધુ સઘન બનાવ્યું છે.

અમેરિકાના નિર્ણયથી ચીનની AI કંપનીઓને મોટો ફટકો

એડવાન્સ AI ચિપ્સના રિમોટ એક્સેસ પર પ્રતિબંધથી ચીની કંપનીઓના શેરોમાં કડાકો

અમેરિકાના નિર્ણય બાદ ઝિપુના શેરમાં સાત ટકા સુધીનો ઘટાડો, અલીબાબા અને બૈદુના શેર પણ ગગડ્યા

વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકાએ એડવાન્સ એઆઈ ચિપના રિમોટ એક્સેસ પર પ્રતિબંધ લાદવાના પગલે અમેરિકા ઉપરાંત ચીનની કેટલીય એઆઈ કંપનીઓના શેરોમાં કડાકો બોલ્યો છે. તાજેતરમાં એનવિડિયા પ્રકરણના કારણે અમેરિકાની એઆઈ કંપનીઓના શેરોમાં ઘટાડો થયો છે. ચીને અમેરિકાએ પાંચ દેશો પર લાદેલા આ પ્રતિબંધની આકરી ટીકા કરી છે.ટ્રમ્પ એપેકની શિખર પરિષદ માટે ચીન જવા રવાના થયા તેપહેલા અમેરિકાના વાણિજ્ય વિભાગે ચીન, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા અને બ્રાઝિલમાં કરવામાં આવતી એડવાન્સ એઆઈ ચિપ્સની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ચીને અમેરિકાના આ વલણની આકરી ઝાટકણી કાઢી છે.ચીનને એઆઈમાં પાછળ રાખવા માટે અમેરિકાએ એઆઈની એડવાન્સ ચિપ્સના રિમોટ એક્સેસને ચીનની કંપનીઓ માટે અત્યંત મર્યાદિત કરી દીધું છે. તેને નહીંવત જ કહી શકાય. આના પગલે ચીનની જાણીતી એઆઈ કંપની અને જાન્યુઆરીમાં લિસ્ટિંગ પછી ચાલુ વર્ષે ૨૦૦૦ ટકાનો વધારો નોંધાવનારી કંપની ઝિપુનો શેર એક જ દિવસમાં લગભગ સાત ટકા સુધી તૂટ્યો છે. જૂનમાં ટોચ બનાવ્યા પછી આ કંપનીના શેરમાં અત્યાર સુધીમાં ૮૫ ટકા મૂલ્ય ઘટાડો થયો છે.ઝિપુ પછી તેની હરીફ કંપની મિનીમેક્સનું મૂલ્ય હાલમાં તેની ટોચથી ત્રીજા ભાગનું થઈ ગયું છે. હોંગકોંગમાં અલીબાબા ગ્રુપ હોલ્ડિંગ લિમિટેડના શેરમાં ૫.૬ ટકાનો કડાકો બોલ્યો છે. જ્યારે બૈદુનો શેર ૬.૬ ટકા ઘટ્યો છે. રોબોટ મેકર યુશુ ટેકનોલોજીનો શેર શાંઘાઈ ખાતે ૧૧ ટકા સુધી તૂટી ચૂક્યો છે.

નીતિન ગડકરીના નિવેદનથી ચર્ચા

દેશના ૪૦ ટકા પ્રદૂષણ માટે હું જવાબદાર : કેન્દ્રિય મંત્રી

રસ્તાઓના વિસ્તરણ સાથે વાહનોની સંખ્યામાં વધારો થયો હોવાનો સ્વીકાર; ઇથેનોલ અને બાયોફ્યુઅલ અપનાવવા પર ભાર

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં સતત વધી રહેલા પ્રદૂષણ વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે દેશના પ્રદૂષણમાં વાહનોનો હિસ્સો આશરે ૪૦ ટકા હોવાનો ઉલ્લેખ કરતાં પોતાના મંત્રાલયની જવાબદારી પણ સ્વીકારી હતી. રસ્તાઓ અને હાઈવેના વિસ્તરણ સાથે વાહનોની સંખ્યામાં થયેલા વધારાને કારણે પર્યાવરણ સામે નવા પડકારો ઊભા થયા હોવાનું તેમણે જણાવ્યું હતું.ગડકરીના જણાવ્યા અનુસાર, દેશમાં માર્ગ પરિવહન અને માળખાકીય સુવિધાઓનો ઝડપથી વિકાસ થયો છે. જોકે, તેની સાથે વાહનોનો ઉપયોગ પણ વધ્યો છે, જે હવાના પ્રદૂષણનું એક મહત્ત્વપૂર્ણ કારણ બન્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડીને વૈકલ્પિક ઈંધણ તરફ આગળ વધવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.કેન્દ્રીય મંત્રીએ પરંપરાગત ઈંધણના વિકલ્પ તરીકે ઇથેનોલ અને બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. તેમના મતે, દેશમાં પ્રદૂષણ ઘટાડવા માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ વધારવો જરૂરી છે. ઇથેનોલ આધારિત ઈંધણ અને અન્ય વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો અપનાવવાથી પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે.

તેમણે પરિવહન ક્ષેત્રમાં પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી અપનાવવા અને હરિત ઊર્જાના ઉપયોગને વેગ આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ગડકરીએ દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગની પ્રગતિ અંગે પણ મહત્ત્વપૂર્ણ વિગતો રજૂ કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, ભારતનો ઓટોમોબાઈલ ઉદ્યોગ અગાઉ આશરે રૂ. ૧૪ લાખ કરોડના કદનો હતો, જે વધીને હવે રૂ. ૨૨ લાખ કરોડ સુધી પહોંચ્યો છે.

વૈશ્વિક ઓટોમોબાઈલ બજારમાં પણ ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે. અગાઉ સાતમા સ્થાને રહેલો ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ હવે વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. દેશમાં હાઈવે, એક્સપ્રેસ-વે અને અન્ય માળખાકીય સુવિધાઓનો વિસ્તાર આર્થિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. પરંતુ વાહનોની વધતી સંખ્યા અને તેના કારણે સર્જાતા પ્રદૂષણને નિયંત્રિત કરવું પણ એટલું જ જરૂરી બન્યું છે.એક તરફ ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક ઓળખ મજબૂત બની રહી છે, તો બીજી તરફ પર્યાવરણની જાળવણીનો પડકાર પણ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ઈલેક્ટ્રિક વાહનો, વૈકલ્પિક ઈંધણ અને ગ્રીન એનર્જીનો વ્યાપ વધારવો આગામી સમયની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત બની રહેશે.

શિવસેનાએ પાના ફાડી વિરોધ નોંધાવ્યો

સોનિયા ગાંધીના પુસ્તકમાં વીર સાવરકર અંગેની ટિપ્પણીઓથી વિવાદ

શિવસેનાના પ્રવક્તા સંજય નિરુપમે પ્રકાશક હાર્પર કોલિન્સ સમક્ષ પુસ્તકના પેજ નંબર ૨૦૧ અને ૪૪૩ તાત્કાલિક હટાવવાની માંગ કરી

મુંબઈ, તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના એક પુસ્તકમાં સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓને લઈને મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ પુસ્તકના અમુક અંશો સામે ઉગ્ર વાંધો ઉઠાવતા શિવસેનાના નેતાઓ અને કાર્યકરોએ મુંબઈ ખાતે પુસ્તકના પાના ફાડીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. શિવસેનાના રાષ્ટ્રીય પ્રવક્તા સંજય નિરુપમ અને રાષ્ટ્રીય સચિવ શાઈના એનસીએ એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને પ્રકાશક હાર્પર કોલિન્સ પાસે પુસ્તકમાંથી પેજ નંબર ૨૦૧ અને ૪૪૩ તાત્કાલિક હટાવી દેવાની માંગ કરી છે.પત્રકાર પરિષદમાં સંજય નિરુપમે જણાવ્યું હતું કે, પુસ્તકના પેજ નંબર ૨૦૧ પર વીર સાવરકર વિશે અપમાનજનક લખાણ લખવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, સાવરકરે દેશની આઝાદી માટે ૧૧ વર્ષ સુધી જેલમાં અસહ્ય યાતનાઓ સહન કરી હતી અને સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેના હૃદયમાં તેમના પ્રત્યે અપાર સન્માન હતું. આ મુદ્દે ઠાકરે જૂથ પર નિશાન સાધતા નિરુપમે સવાલ કર્યો હતો કે, આજે જે લોકો પોતાને બાળાસાહેબ ઠાકરેના વારસદાર ગણાવે છે, તેઓ આ મુદ્દે ચૂપ કેમ છે?

બીજી તરફ, શિવસેનાના રાષ્ટ્રીય સચિવ શાઈના એનસીએ આરોપ લગાવ્યો હતો કે, સોનિયા ગાંધીના પુસ્તકમાં સાવરકરને હિંદુત્વના સંદર્ભમાં બહિષ્કારવાદી તરીકે ચિતરવામાં આવ્યા છે, જ્યારે બાળાસાહેબ ઠાકરે સાવરકરને હિંદુત્વનો આત્મા માનતા હતા. તેમના જણાવ્યા મુજબ, પેજ નંબર ૨૦૧ અને ૪૪૩માં વપરાયેલા શબ્દો દ્વારા ઈતિહાસ સાથે છેડછાડ કરવાનો પ્રયાસ થયો છે, તેથી પ્રકાશકે આ બંને પાના તાત્કાલિક દૂર કરવા જોઈએ.

આ પ્રસંગે સંજય નિરુપમે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધી દ્વારા ભારતીય અર્થવ્યવસ્થા અંગે આપવામાં આવેલા નિવેદનની પણ આકરી આલોચના કરી હતી. નિરુપમે દાવો કર્યો હતો કે, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને વિશ્વ બેંક જેવી સંસ્થાઓએ ભારતના ૭.૭ ટકાથી વધુના જીડીપી (GDP) વૃદ્ધિ દરની પ્રશંસા કરી છે, ત્યારે વિદેશી ધરતી પર જઈને દેશના અર્થતંત્રની ટીકા કરવી યોગ્ય નથી.

APEC સમિટમાં ભાગ લેવા ચીન મુલાકાત

ટ્રમ્પ ચીન પહોંચ્યા, એરપોર્ટ પર જિનપિંગે કર્યું ભવ્ય સ્વાગત

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રિપક્ષીય બેઠક અને પરમાણુ હથિયારો સહિતના મુદ્દે ચર્ચા થવાની શક્યતા

બેઈજિંગ, તા.૧૮

અમેરિકા અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાતી મુલાકાત દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ચીન પહોંચ્યા હતા. એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (APEC) સમિટમાં ભાગ લેવા આવેલા ટ્રમ્પનું દક્ષિણ ચીનના શેનઝેન એરપોર્ટ પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સ્વાગત કર્યું હતું. બંને દેશોના રાષ્ટ્રાધ્યક્ષોની આ મુલાકાત પર આંતરરાષ્ટ્રીય સમુદાયની નજર મંડાયેલી છે.

ટ્રમ્પની ચીન મુલાકાત દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રિપક્ષીય બેઠક યોજાવાની શક્યતા અંગે પણ ચર્ચા થઈ રહી છે. ટ્રમ્પે પરમાણુ હથિયારો પર નિયંત્રણ અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. જોકે, ટ્રમ્પના કેટલાક સહયોગીઓએ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે સંભવિત ત્રિપક્ષીય બેઠકના એજન્ડામાં યુક્રેન યુદ્ધનો સમાવેશ નહીં થાય.

ટ્રમ્પે મંગળવારે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો ઉકેલ લાવવા માટે કરારની શક્યતા ઊભી થઈ છે. તેમણે કહ્યું હતું કે બંને પક્ષો વચ્ચે સમજૂતીની દિશામાં પ્રગતિ થઈ શકે છે અને આ અંગે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. ચીન પ્રવાસ દરમિયાન ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથે અલગ બેઠક યોજવાની સંભાવના અંગે પણ ટ્રમ્પે સંકેત આપ્યો હતો. અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ટ્રમ્પ ઉત્તર કોરિયા સાથેના તણાવને ઘટાડવા અને ચર્ચા કરવા માટે તૈયાર છે.

જોકે, રુબિયોએ સ્પષ્ટ કર્યું હતું કે ટ્રમ્પ અને કિમ જોંગ ઉન વચ્ચે ગુરુવારે કોઈ બેઠક નિશ્ચિત થઈ નથી. તેમણે કહ્યું હતું કે અમેરિકી રાષ્ટ્રપતિ ઉત્તર કોરિયાના નેતા સાથે મુલાકાત અને ચર્ચા કરવા ઇચ્છુક છે, જેમ તેમણે પોતાના અગાઉના કાર્યકાળ દરમિયાન પણ પ્રયાસ કર્યો હતો.

ચીન પહોંચતા પહેલાં ટ્રમ્પે ફિલિપાઈન્સની મુલાકાત લીધી હતી. મનીલામાં ASEAN સમિટ અને ક્વાડ નેતાઓની બેઠકમાં ભાગ લીધા બાદ તેમણે ફિલિપાઈન્સ સાથે નવા વેપાર કરારની જાહેરાત કરી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ફિલિપાઈન્સ સાથે વેપાર, રાષ્ટ્રીય સુરક્ષા અને અન્ય મહત્ત્વના મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા થઈ છે. તેમણે આ નવા કરારને ઐતિહાસિક ગણાવ્યો હતો અને ખાસ કરીને અમેરિકાના ખેડૂતો તથા ઊર્જા ક્ષેત્રને તેનો લાભ મળવાની આશા વ્યક્ત કરી હતી. ટ્રમ્પે ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ માર્કોસની પ્રશંસા કરતાં તેમની સાથે મુલાકાતને સન્માનજનક ગણાવી હતી. APEC સમિટના માધ્યમથી ટ્રમ્પની ચીન મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધો પૂરતી મર્યાદિત નથી. વેપાર, રાષ્ટ્રીય સુરક્ષા, પરમાણુ શસ્ત્રો અને વૈશ્વિક સંઘર્ષો જેવા મુદ્દાઓ પર થનારી ચર્ચાઓ આંતરરાષ્ટ્રીય રાજકારણ માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. હવે ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચેની બેઠકમાં કયા મુદ્દાઓ પર સહમતી સધાય છે તેના પર વિશ્વની નજર રહેશે.

૩. ૬,૦૦૦ કરોડના ખર્ચે બનશે મેગા રિંગ રોડ

પ્રયાગરાજમાં બનશે ૪૧.૬૬ કિમી લાંબો મેગા રિંગ રોડ

ગંગા અને યમુના નદી પર બે વિશાળ પુલ, ૫૪ અંડરપાસ અને ૪ ફ્લાયઓવરનું નિર્માણ થશે; ૪૧ ગામોની જમીન સંપાદિત કરાશે

પ્રયાગરાજ, તા.૧૮

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં માળખાગત સુવિધાઓના વિકાસને વેગ આપવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. શહેરમાં વધતા ટ્રાફિક ભારણને ઘટાડવા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોની કનેક્ટિવિટી સુધારવા માટે અંદાજે રૂ. ૫,૦૦૦ થી ૬,૨૦૦ કરોડના ખર્ચે ૪૧.૬૬૨ કિલોમીટર લાંબો રિંગ રોડ બનાવવામાં આવશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આ પ્રોજેક્ટના પ્રારંભિક ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR)ને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ રિંગ રોડ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા ગંગા અને યમુના નદી પર બનનારા બે વિશાળ પુલ છે. યોજના અંતર્ગત ગંગા નદી પર આશરે ૩.૫ કિલોમીટર (૩,૫૦૦ મીટર) અને યમુના નદી પર ૧.૨ કિલોમીટર (૧,૨૦૦ મીટર) લાંબો ફોરલેન પુલ બનાવવાની દરખાસ્ત છે. આ બંને પુલના નિર્માણથી નદીની બંને તરફના વિસ્તારો વચ્ચે વાહનવ્યવહાર અત્યંત સરળ બનશે.

પ્રયાગરાજ રિંગ રોડના બીજા તબક્કામાં સોરાંવ તાલુકાના NH-19 પાસે આવેલા માધોપુર ગામથી કરછના તાલુકાના અમિલિયા ગામ સુધી આ માર્ગ તૈયાર કરાશે. કુલ ૪૧ ગામોમાંથી પસાર થનારા આ પ્રોજેક્ટ માટે આશરે ૩૨૧ હેક્ટર (૧,૨૮૪ વીઘાથી વધુ) જમીન સંપાદિત કરવામાં આવશે, જેનાથી અંદાજે ૬,૭૦૦ ખેડૂતો અને જમીનધારકો પ્રભાવિત થશે. આગામી ચારથી છ મહિનામાં જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને આગામી નાણાકીય વર્ષથી બાંધકામ શરૂ થવાની સંભાવના છે.વાહનવ્યવહારને અવરોધરહિત બનાવવા માટે સમગ્ર રૂટ પર કુલ ૫૪ અંડરપાસ (પ્રથમ તબક્કામાં ૩૩ અને બીજા તબક્કામાં ૨૧), ૪ ફ્લાયઓવર અને રેલવે ઓવરબ્રિજ બનાવવાનું આયોજન છે. હાલમાં બહારના શહેરોમાંથી આવતા ભારે વાહનોને પ્રયાગરાજ શહેરની અંદરથી પસાર થવું પડતું હોવાથી ભારે ટ્રાફિક જામ સર્જાય છે. રિંગ રોડ બન્યા બાદ લાંબા અંતરના વાહનો શહેરમાં પ્રવેશ્યા વિના બહારથી જ પસાર થઈ શકશે, જેનાથી સમય અને ઈંધણની બચત થશે તેમજ ૪૧ ગામોમાં આર્થિક પ્રવૃત્તિઓને મોટો વેગ મળશે.

ટોમ લાથમે જાહેર કરી રણનીતિ

ભારત સામે રમનાર પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડની પેસ બોલિંગ પર નજર

ત્રણ નિષ્ણાત ફાસ્ટ બોલર અને એક બોલિંગ ઓલરાઉન્ડર સાથે મેદાનમાં ઉતરશે કિવી ટીમ; બુમરાહને લાથમે ગણાવ્યો વિશ્વકક્ષાનો બોલર

વેલિંગ્ટન, તા.૧૮

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ગુરુવાર, ૧૯ નવેમ્બરથી બે ટેસ્ટ મેચની શ્રેણીની શરૂઆત થવા જઈ રહી છે. પ્રથમ ટેસ્ટ પહેલાં ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમે પોતાની ટીમની બોલિંગ રણનીતિ અંગે ખુલાસો કર્યો છે. લાથમે સ્પષ્ટ કર્યું છે કે પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ ત્રણ નિષ્ણાત ફાસ્ટ બોલર અને એક બોલિંગ ઓલરાઉન્ડર સાથે મેદાનમાં ઉતરશે. આ જાહેરાત સાથે જ ભારતીય બેટ્સમેનો સામે કિવી ટીમની પેસ બોલિંગ પર ખાસ નજર રહેશે.

વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાનારી પ્રથમ ટેસ્ટ પહેલાં પત્રકારો સાથે વાતચીત કરતાં લાથમે જણાવ્યું હતું કે તેમની પાસે ફાસ્ટ બોલિંગના ઘણા સારા વિકલ્પો ઉપલબ્ધ છે. જોકે, આગામી છથી સાત સપ્તાહના વ્યસ્ત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ખેલાડીઓના વર્કલોડ અને ફિટનેસ પ્રમાણે બોલિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરવામાં આવશે. લાથમની જાહેરાત મુજબ પ્રથમ ટેસ્ટમાં કાઇલ જેમિસન, મેટ હેનરી અને જેકબ ડફી ત્રણ નિષ્ણાત ફાસ્ટ બોલર તરીકે જવાબદારી સંભાળશે. જ્યારે નાથન સ્મિથ બોલિંગ ઓલરાઉન્ડર તરીકે ટીમને વધારાનો વિકલ્પ આપશે.

ન્યૂઝીલેન્ડની સંભવિત પ્લેઇંગ ઇલેવનમાં ટોમ લાથમ (કેપ્ટન), ડેવોન કોનવે, હેનરી નિકોલ્સ, રચિન રવિન્દ્ર, ડેરિલ મિચેલ, ટોમ બ્લંડેલ, ગ્લેન ફિલિપ્સ, નાથન સ્મિથ, કાઇલ જેમિસન, મેટ હેનરી અને જેકબ ડફીનો સમાવેશ થઈ શકે છે. લાથમે કહ્યું હતું કે તમામ ફાસ્ટ બોલરોની ફિટનેસ અને ઉપલબ્ધતા સારી છે. જોકે, સમગ્ર શ્રેણીમાં કયા ખેલાડીને કેટલી મેચ રમાડવી તે પરિસ્થિતિ અને વર્કલોડના આધારે નક્કી કરવામાં આવશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઇન્ટ ટેબલ અંગે પણ લાથમે પોતાનો અભિગમ સ્પષ્ટ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ટીમનું તાત્કાલિક ધ્યાન પોઇન્ટ ટેબલ પર નહીં, પરંતુ મેદાન પર પોતાના પ્રદર્શન પર છે. લાથમે કહ્યું હતું કે, "વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનું પોઇન્ટ ટેબલ મારું ધ્યાન નથી. અમે અમારા હાથમાં રહેલી બાબતો પર નિયંત્રણ રાખીશું અને અમારી પોતાની શૈલીનું ક્રિકેટ રમીને જીતવાની શ્રેષ્ઠ તક મેળવવાનો પ્રયાસ કરીશું." ઉલ્લેખનીય છે કે ન્યૂઝીલેન્ડ હાલમાં ઉઝના પોઇન્ટ ટેબલમાં ટોચના સ્થાને છે, જ્યારે ભારત ચોથા સ્થાને છે. આવી સ્થિતિમાં બંને ટીમો માટે આ શ્રેણી મહત્ત્વપૂર્ણ બની રહેશે.

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અંગે વાત કરતાં લાથમે તેની બોલિંગની ભરપૂર પ્રશંસા કરી હતી. તેણે સ્વીકાર્યું હતું કે બુમરાહ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો માટે મોટો પડકાર બની શકે છે. લાથમે જણાવ્યું હતું કે બુમરાહની બોલિંગ એક્શન અનોખી છે અને તે બોલને બંને તરફ સ્વિંગ કરાવવાની ક્ષમતા ધરાવે છે. અલગ-અલગ પરિસ્થિતિઓમાં પણ તે અસરકારક બોલિંગ કરી શકે છે. તેના બોલનો સામનો કરવા માટે બેટ્સમેનોએ ખાસ તૈયારી કરવી પડશે.

તેમણે બુમરાહને વિશ્વકક્ષાનો બોલર ગણાવતાં કહ્યું હતું કે તેના જેવા બોલર સામે રમવા માટે બેટ્સમેનોએ તેની બોલિંગની શૈલી સાથે તાલમેલ બેસાડવો જરૂરી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ ૧૯થી ૨૩ નવેમ્બર દરમિયાન વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાશે. જ્યારે બીજી ટેસ્ટ ૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન ક્રાઇસ્ટચર્ચમાં યોજાશે. આ શ્રેણીમાં બંને ટીમોનું પ્રદર્શન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના સમીકરણો માટે પણ મહત્ત્વનું રહેશે.

એક હોટલમાં રોકાયેલા કપલને ધમકાવતી પોલીસનો વીડિયો વાયરલ

ભોપાલ, તા.૧૮

કાયદો અને વ્યવસ્થાના રક્ષક ગણાતી પોલીસની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઊભા કરતી એક ઘટના મધ્ય પ્રદેશના સિવની જિલ્લામાં સામે આવી છે. અહીંની એક હોટલમાં રોકાયેલા પુખ્ત વયના કપલને ધમકાવતા અને તેમની બેગમાં ગાંજો મૂકીને ખોટા કેસમાં ફસાવી દેવાની વાત કરતા પોલીસ અધિકારીઓનો સીસીટીવી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. આ મામલે ઉચ્ચ અધિકારીઓ સામે હમાખોરીના આરોપો પણ લાગતા એસપીએ તાત્કાલિક અસરથી પોલીસ મથક પ્રભારીને હટાવી તપાસના આદેશ આપ્યા છે.મળતી વિગતો અનુસાર, આ ઘટના સિવની જિલ્લાના ડૂંડા સિવની પોલીસ મથક વિસ્તારમાં બાબરિયા રોડ પર આવેલી હોટલ સિદ્ધાર્થની છે. ગત ૧૩ નવેમ્બરની સાંજની હોવાનું કહેવાતી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. ફૂટેજમાં એક પોલીસ અધિકારી અન્ય સાત પોલીસકર્મીઓ સાથે હોટલના રિસેપ્શન એરિયામાં સ્ટાફ સાથે વાતચીત કરતા નજરે પડે છે. આ દરમિયાન અધિકારી હોટલમાં રોકાયેલા કપલને ડ્રગ્સના કેસમાં ફસાવવા માટે "તેમની બેગમાં થોડો ગાંજો મૂકી દો" તેવું કહેતા સંભળાય છે. આ ઘટનાની પુષ્ટિ કરતા હોટલ સંચાલક સંજય સનોડિયાએ પોલીસ તંત્ર પર વસૂલી અને ઉત્પીડનના સનસનીખેજ આક્ષેપો કર્યા છે. હોટલ માલિકના જણાવ્યા મુજબ, ડૂંડા સિવની પોલીસ મથકના ટીઆઈ સતીષ તિવારી, એસડીઓપી ચંચલેશ મરકામ અને ટ્રાફિક ઈન્સ્પેક્ટર વિજય તિવારી દ્વારા હોટલ ચલાવવા માટે પ્રતિમાસ રૂ. ૨૫-૨૫ હજારના હપ્તાની માંગણી કરવામાં આવતી હતી. સંચાલકે એવો પણ દાવો કર્યો છે કે, તેમણે એક સ્થાનિક પત્રકારની હાજરીમાં ટીઆઈ અને એસડીઓપીને રૂ. ૧૦-૧૦ હજાર આપ્યા પણ હતા. આ ઉપરાંત, હોટલમાં રૂમ ભાડે રાખનાર એક યુવકે પણ થોડા દિવસ અગાઉ આ ત્રણેય અધિકારીઓ પર મારપીટ કરી હોવાનો આરોપ લગાવ્યો છે.સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ સિવની પોલીસ અધિક્ષક (એસપી)એ સ

ધોરાજીમાં જળસંકટ ઘેરાયું

સિંચાઈ માટે ભાદર-૧ ડેમમાંથી પાણી છોડવાની ખેડૂતોની માંગ

ઓછા વરસાદ અને કમોસમી વરસાદથી ખેડૂતોને બેવડો ફટકો; કપાસ, મગફળી સહિતના ઉભા પાકને પાણીની જરૂર

ધોરાજી, તા.૧૮

રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં સિંચાઈના પાણીની અછતને કારણે ખેડૂતોની મુશ્કેલી વધી છે. ઓછા વરસાદ અને ત્યારબાદ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. હવે ઉભા પાકને બચાવવા માટે ખેડૂતો ભાદર-૧ ડેમમાંથી કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવાની માંગ કરી રહ્યા છે. જોકે, ડેમમાં પીવાના પાણીનો જથ્થો પણ મર્યાદિત હોવાથી તંત્ર સામે પાણીની ફાળવણીનો પડકાર ઊભો થયો છે.ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન અપેક્ષા મુજબ વરસાદ ન થતાં ધોરાજી પંથકમાં ખેતી પર તેની અસર જોવા મળી હતી. ઓછા વરસાદને કારણે કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાકના ઉત્પાદન પર અસર થઈ હતી. જે પાક માંડ-માંડ બચ્યા હતા તેમને પણ પૂરતું પાણી ન મળતાં ખેડૂતોની ચિંતા વધી હતી.ચોમાસુ પાકમાં નુકસાન સહન કર્યા બાદ ખેડૂતોને શિયાળુ વાવેતરથી આશા હતી, પરંતુ ઓક્ટોબર મહિનામાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો હતો. પરિણામે ખેડૂતોને સતત કુદરતી આફતોનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદની અછતને કારણે ધોરાજી પંથકમાં ભૂગર્ભજળના સ્તર પણ નીચે ઉતર્યા છે. કૂવા અને બોરમાં પાણીના તળ ઊંડા જતાં ખેડૂતો માટે સિંચાઈ કરવી મુશ્કેલ બની છે.હાલમાં કપાસ, મગફળી, તુવેર અને એરંડા સહિતના ઉભા પાકને પાણીની જરૂરિયાત છે. બીજી તરફ શિયાળુ વાવેતરની મોસમ શરૂ થઈ ગઈ છે, પરંતુ પાણીની અછતને કારણે ઘઉં, જીરું, ધાણા અને ચણા જેવા પાકનું વાવેતર કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે.આ સ્થિતિમાં ખેડૂતોની માંગ છે કે ભાદર-૧ ડેમમાંથી કેનાલ દ્વારા સિંચાઈ માટે પાણી છોડવામાં આવે, જેથી ઉભા પાકને બચાવી શકાય અને શિયાળુ વાવેતર પણ થઈ શકે. ખેડૂતોની માંગ સામે તંત્રની મુશ્કેલી એ છે કે ભાદર-૧ ડેમમાં પીવાના પાણીનો જથ્થો પણ મર્યાદિત છે. મળતી વિગતો મુજબ, ડેમમાં હાલમાં આશરે ૯૯૫ MCFT પાણી ઉપલબ્ધ છે. જ્યારે પીવાના પાણીની વાર્ષિક જરૂરિયાત પૂરી કરવા માટે અંદાજે ૬૦૦ MCFT પાણીની વધુ જરૂર હોવાનું જણાવાયું છે.ભાદર-૧ ડેમમાંથી જેતપુર, નવાગઢ નગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા, અમરનગર જૂથ પાણી પુરવઠા યોજના અને ખોડલધામ ટ્રસ્ટ સહિતના વિસ્તારો અને સંસ્થાઓને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.એક તરફ ખેડૂતો પોતાના ઉભા પાકને બચાવવા સિંચાઈ માટે પાણીની માંગ કરી રહ્યા છે, તો બીજી તરફ ડેમમાંથી પીવાના પાણીની જરૂરિયાત પણ પૂરી કરવાની જવાબદારી તંત્રની છે. મર્યાદિત જળજથ્થાને કારણે સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય સરળ રહ્યો નથી. હવે ખેડૂતોની સિંચાઈની જરૂરિયાત અને શહેરી વિસ્તારોના પીવાના પાણીના પુરવઠા વચ્ચે તંત્ર કેવો નિર્ણય લે છે તેના પર ધોરાજી પંથકના ખેડૂતોની નજર મંડાયેલી છે.

અબજ ડોલરની રાફેલ ડીલ છતાં ભારતને નહીં મળે સંપૂર્ણ ટેક્નોલોજી ટ્રાન્સફર

ભારતમાં વિમાનોની એસેમ્બલી થશે, પરંતુ સોર્સ કોડ અને મહત્ત્વની ટેક્નોલોજી ફ્રાન્સ પાસે જ રહેશે

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય વાયુસેનાની તાકાત વધારવા માટે ૧૧૪ રાફેલ ફાઇટર જેટ ખરીદવાની ભારતની તૈયારી વચ્ચે ટેક્નોલોજી ટ્રાન્સફરનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. અંદાજે ૩૫થી ૪૦ અબજ ડૉલરની આ સંભવિત ડીલમાં ફ્રાન્સ સંપૂર્ણ ટેક્નોલોજી ટ્રાન્સફર આપવા તૈયાર ન હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. પરિણામે ભારતમાં વિમાનોનું ઉત્પાદન અને એસેમ્બલી થશે, પરંતુ તેની કેટલીક અત્યંત મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી ફ્રાન્સના નિયંત્રણ હેઠળ જ રહેશે.

અહેવાલો અનુસાર, રાફેલ વિમાનની મુખ્ય કંટ્રોલ સિસ્ટમ, સોફ્ટવેર અને સંવેદનશીલ ટેક્નોલોજી ભારતને સોંપવા અંગે ફ્રાન્સે મર્યાદિત વલણ અપનાવ્યું છે. ખાસ કરીને વિમાનનો સોર્સ કોડ ભારતને આપવામાં આવે તેવી શક્યતા ઓછી છે. જોકે, ભારતીય વાયુસેના પોતાની મિસાઇલોને વિમાન સાથે જોડવા માટે જરૂરી ઇન્ટિગ્રેશનની સુવિધા મેળવી શકે છે. ડસોલ્ટ એવિએશન અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ વચ્ચેના સહયોગ હેઠળ હૈદરાબાદમાં રાફેલ વિમાનના વિવિધ માળખાકીય ભાગોનું ઉત્પાદન કરવાની યોજના છે. તેમાં સેન્ટ્રલ ફ્યુઝલેજ, આગળનો અને પાછળનો ભાગ તથા સાઇડ પેનલ્સનો સમાવેશ થાય છે. આ ઉત્પાદન ૨૦૨૮ના નાણાકીય વર્ષથી શરૂ કરવાની યોજના દર્શાવવામાં આવી છે. જોકે, આ તમામ ભાગોનું ઉત્પાદન ડસોલ્ટની ડિઝાઇન અને ટેક્નિકલ માર્ગદર્શન હેઠળ થશે.

રાફેલમાં ઉપયોગમાં લેવાતા ૨૮૮ એન્જિનના મામલે પણ ફ્રાન્સ ટેક્નોલોજી ટ્રાન્સફર અંગે સાવચેતી રાખી રહ્યું છે. એન્જિનના અત્યંત મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ પાર્ટ્સનું ઉત્પાદન ફ્રાન્સમાં જ રાખવાની નીતિ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. ભારતમાં મર્યાદિત સ્તરે એસેમ્બલી અને જાળવણીની સુવિધા વિકસાવવાની શક્યતા છે.

બીજી તરફ, ભારતના પાંચમી પેઢીના સ્વદેશી લડાકુ વિમાન પ્રોજેક્ટ AMCA માટે એન્જિન ટેક્નોલોજીના ક્ષેત્રમાં ફ્રાન્સના સકાં સાથે સહયોગની ચર્ચા થઈ રહી છે. આ પ્રોજેક્ટમાં ટેક્નોલોજી ટ્રાન્સફર અને ભારતીય સંસ્થાઓ સાથે સંયુક્ત વિકાસની સંભાવનાઓ પણ મહત્ત્વપૂર્ણ છે.આમ, રાફેલ ડીલ ભારતની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે, પરંતુ સ્થાનિક ઉત્પાદન અને સંપૂર્ણ ટેક્નોલોજી આત્મનિર્ભરતા વચ્ચેનો તફાવત પણ આ ડીલમાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે ૧૧૪ વિમાનોની ખરીદી અને તેની શરતો અંગેની અંતિમ સત્તાવાર સમજૂતીને અલગથી ધ્યાનમાં લેવી જરૂરી છે.

લાખો યુઝર્સ મુશ્કેલીમાં

એપલ અને ગૂગલના અનેક ડિજિટલ પ્લેટફોર્મમાં પણ અચાનક વિક્ષેપ સર્જાયા

iCloud, Apple Pay, App Store, Gmail અને Google Searchમાં ટેકનિકલ સમસ્યા જોવા મળી હતી

નવી દિલ્હી, તા.૧૮

દુનિયાભરમાં ડિજિટલ સેવાઓ પર નિર્ભરતા વધી રહી છે ત્યારે ટેકનોલોજી ક્ષેત્રે સતત બીજા સપ્તાહે મોટી ટેકનિકલ સમસ્યાઓ સામે આવી છે. માઇક્રોસોફ્ટની સેવાઓમાં સર્જાયેલી ખામી બાદ હવે એપલ અને ગૂગલના અનેક ડિજિટલ પ્લેટફોર્મમાં પણ અચાનક વિક્ષેપ સર્જાયો હતો.

અમેરિકા સહિત અનેક દેશોના યુઝર્સને iCloud, Apple Pay, App Store, Gmail અને Google Search જેવી સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી હતી. આ સમસ્યાને પગલે લોગિન, ઈ-મેઇલ ચેક કરવા, મેસેજ મોકલવા અને ઓનલાઈન પેમેન્ટ જેવી કામગીરી પ્રભાવિત થઈ હતી.ભારતીય સમય અનુસાર મંગળવારે મોડી રાત્રે એપલ અને ગૂગલની સેવાઓમાં ટેકનિકલ ખામીની ફરિયાદો આવવા લાગી હતી. આઉટેજ પર નજર રાખતી વેબસાઇટ ડાઉનડિટેક્ટર પર પણ મોટી સંખ્યામાં યુઝર્સે સેવાઓ ખોરવાઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

ખાસ કરીને એપલની iCloud અને Apple Pay સેવાઓમાં સૌથી વધુ મુશ્કેલી નોંધાઈ હતી. ત્યારબાદ Google Search અને Gmailમાં પણ ખામીની ફરિયાદો સામે આવી હતી. એપલ અને ગૂગલની સેવાઓમાં સર્જાયેલી ખામીને કારણે યુઝર્સને એકાઉન્ટમાં સાઇન ઇન કરવામાં, ઈ-મેઇલ મોકલવા અને મેળવવામાં તેમજ ઓનલાઇન પેમેન્ટ કરવામાં મુશ્કેલી પડી હતી. કેટલાક યુઝર્સે ફંડ ટ્રાન્સફર અને એકાઉન્ટ વેરિફિકેશનમાં પણ સમસ્યા આવતી હોવાની ફરિયાદ કરી હતી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર અનેક યુઝર્સે પોતાના અનુભવો શેર કર્યા હતા. તેમાં મોટાભાગની ફરિયાદો Apple Pay કામ ન કરતું હોવા અંગેની હતી. જ્યારે કેટલાક યુઝર્સે iCloud અને Apple Accountમાં સાઇન ઇન કરવામાં મુશ્કેલી પડતી હોવાની માહિતી આપી હતી.આઉટેજ દરમિયાન એપલની અનેક સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેમાં iCloud, App Store, Apple Pay, Apple Support, Apple Music, iPhone Activation અને App Store Connect જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ સેવાઓમાં લોગિન, કનેક્ટિવિટી અને અન્ય કામગીરી કરવામાં યુઝર્સને મુશ્કેલી પડી હતી.

જોકે, આ સમસ્યા લાંબો સમય રહી નહોતી. અહેવાલ અનુસાર, ધીમે ધીમે સેવાઓ પુનઃ શરૂ થવા લાગી હતી અને બુધવાર સવાર સુધીમાં મોટાભાગની સેવાઓ સામાન્ય રીતે કાર્યરત થઈ ગઈ હતી.

દંપતીને છરી બતાવી રૂપિયા ૫.૫૫ લાખની લૂંટ

વસ્ત્રાપુરમાં રિક્ષામાં બેઠેલા રાજસ્થાની દંપતીને લૂંટી લેવાયું

ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી બોડકદેવ જતાં દંપતીને બનાવ્યું નિશાન; વસ્ત્રાપુર પોલીસે ત્રણ આરોપીને ઝડપી લીધા

અમદાવાદ, તા.૧૮

શહેરમાં રિક્ષામાં મુસાફરી કરતા મુસાફરોની સુરક્ષાને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. વસ્ત્રાપુર વિસ્તારમાં રિક્ષામાં મુસાફરી કરી રહેલા રાજસ્થાની દંપતીને લૂંટારુઓએ નિશાન બનાવી છરી બતાવી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. ૫.૫૫ લાખની લૂંટ ચલાવી હતી. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી સહિત અન્ય સંડોવાયેલા શખસોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાનથી અમદાવાદ આવેલું દંપતી ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પર ઉતર્યા બાદ રિક્ષામાં બેસીને બોડકદેવ જવા નીકળ્યું હતું. દરમિયાન ગુરુદ્વારા ચાર રસ્તા પાસેથી આગળ રિક્ષા લઈ જવામાં આવી હતી. ત્યારબાદ રિક્ષામાં સવાર શખસોએ દંપતીને છરી બતાવી ધમકાવ્યું હતું અને સોનાના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂ. ૫.૫૫ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.લૂંટની ફરિયાદના આધારે વસ્ત્રાપુર પોલીસે તપાસ શરૂ કરી હતી. રિક્ષાની વિગતો અને આસપાસના CCTV કેમેરાનાં ફૂટેજના આધારે પોલીસે સાકીર હુસેન શેખ ઉર્ફે પેન્ટર, રહેમત ખાન ઉર્ફે મોસીન પઠાણ અને શાહરૂખ બેલિમની ધરપકડ કરી હતી. જ્યારે આ ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવેલો અલી ખાન પઠાણ ફરાર છે, જેને ઝડપી પાડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપીઓ પૈકી રહેમત ખાન ભાડાની રિક્ષા ચલાવતો હતો. લૂંટની ઘટનામાં આ જ રિક્ષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીઓ કડી અને કલોલ વિસ્તારના રહેવાસી હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપીઓ લૂંટના ઇરાદે અમદાવાદ આવ્યા હતા અને ગુનાને અંજામ આપ્યા બાદ લૂંટેલા સોનાના દાગીના મહાવીર સિલ્વર પેલેસના માલિકને વેચી દીધા હોવાનું જાણવા મળ્યું છે.લૂંટાયેલા દાગીના ખરીદનાર અનિલ જૈન નામના સોની વેપારીની પણ પોલીસ તપાસ કરી રહી છે. બીજી તરફ, ફરાર આરોપી અલી ખાન પઠાણ સામે અગાઉ વાહનચોરી, હથિયાર અને દારૂ સંબંધિત ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસને આશંકા છે કે આરોપીઓની વધુ પૂછપરછ દરમિયાન લૂંટના અન્ય ગુનાઓનો પણ ભેદ ઉકેલાઈ શકે છે. શહેરમાં અગાઉ દાણીલીમડા વિસ્તારમાં પણ રિક્ષામાં મુસાફરી કરતા મુસાફરોને નિશાન બનાવી લૂંટની ઘટના સામે આવી હતી. ત્યારે વસ્ત્રાપુરની આ ઘટનાએ રાત્રિના સમયે રિક્ષામાં મુસાફરી કરતા નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા વધારી છે.

હિમાચલ પ્રદેશના મંડીમાં ગમખ્વાર અકસ્માત

૫૦૦ મીટર ઊંડી ખીણમાં કાર ખાબકતાં ૬ યુવકોનાં કરુણ મોત

લડભડોલ વિસ્તારના વેપારી પરિવારો સાથે સંકળાયેલા છ યુવકો સિમસા ખાતે યોજાયેલા એક સમારોહમાં હાજરી આપવા ગયા હતા

શીમલા, તા.૧૮

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જોગિંદરનગરના લડભડોલ વિસ્તારમાં એક કાર આશરે ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકતાં તેમાં સવાર છ યુવકોનાં કરુણ મોત નીપજ્યાં છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. એકસાથે છ યુવાનોના મોતથી પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

પ્રાથમિક માહિતી અનુસાર, લડભડોલ વિસ્તારના વેપારી પરિવારો સાથે સંકળાયેલા છ યુવકો સિમસા ખાતે યોજાયેલા એક સમારોહમાં હાજરી આપવા ગયા હતા. મંગળવારે રાત્રે સમારોહ પૂર્ણ થયા બાદ તેઓ કારમાં પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન લડભડોલ પેટ્રોલ પંપ નજીક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાની આશંકા છે. ત્યારબાદ કાર રસ્તા પરથી નીચે ઊંડી ખીણમાં ખાબકી હતી.

અકસ્મત એટલો ભયાનક હતો કે કારને ભારે નુકસાન થયું હતું. કાર આશરે ૫૦૦ મીટર નીચે નદીના કિનારા પાસે ખાબકી હતી. અકસ્માત બાદ યુવકોનો સંપર્ક ન થતાં પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી.

મંગળવાર રાતથી ગુમ થયેલા યુવકોની કાર બુધવારે સવારે ખીણમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને બચાવ કામગીરીની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે મુશ્કેલી વચ્ચે તમામ છ યુવકોના મૃતદેહ ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

મૃતકોમાં ૧૮ વર્ષીય આદિત્ય, ૧૯ વર્ષીય આયુષ ઉપરાંત યશ, પંકજ, અર્નવ અને અનુજનો સમાવેશ થાય છે. અહેવાલ અનુસાર, મૃતકોમાંથી ચાર યુવકો સગીર વયના હતા.

એકસાથે છ યુવાનોના મોતના સમાચાર મળતાં જ મૃતકોના પરિવારોમાં ભારે આક્રંદ ફાટી નીકળ્યો હતો. સમગ્ર લડભડોલ વિસ્તારમાં શોકની લાગણી જોવા મળી રહી છે. પધરના ડીએસપી લોકેન્દ્ર નેગીએ ઘટનાની પુષ્ટિ કરી છે. પોલીસે અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.આ દુર્ઘટનાના પડઘા હિમાચલ પ્રદેશની વિધાનસભામાં પણ પડ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન આ અકસ્માતમાં જીવ ગુમાવનારા યુવકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઘટનાને પગલે ગૃહની કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં ૧૦ મિનિટ વહેલી સ્થગિત કરવામાં આવી હતી.જોગિંદરનગરના ધારાસભ્ય પ્રકાશ રાણાએ પણ આ દુર્ઘટના અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ અકસ્માતે ફરી એકવાર પહાડી વિસ્તારોમાં માર્ગ સુરક્ષા અને વાહનચાલન દરમિયાન સાવચેતી રાખવાની જરૂરિયાત પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

લઘુતમ તાપમાનમાં 3 ડિગ્રી સુધીનો ઘટાડો થશે

ગુજરાતમાં બે દિવસ બાદ ઠંડીનો ચમકારો જોવા મળશે

ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાતાં શિયાળાની થશે જમાવટ; અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી સુધી જઈ શકે

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં શિયાળાની શરૂઆત વચ્ચે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ બાદ રાજ્યમાં ઉત્તર-પૂર્વીય પવનોનું જોર વધતાં લઘુતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધશે. અમદાવાદમાં પણ લઘુતમ તાપમાન ઘટીને ૧૭ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.હાલ રાજ્યમાં ઠંડીની શરૂઆત થઈ હોવા છતાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત છે. હવામાન વિભાગના આંકડા મુજબ, અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રી વધુ છે. જોકે, આગામી દિવસોમાં પવનની દિશામાં ફેરફાર થતાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે.રાજ્યના વિવિધ વિસ્તારોમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હાલમાં ૧૮.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે ડીસા રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. રાજ્યનાં પાંચ જેટલાં મુખ્ય શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે પહોંચ્યું છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે તાપમાન ઊંચું રહેતાં લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જોકે, ઉત્તર-પૂર્વીય પવનોની શરૂઆત બાદ રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે.હવામાનની બદલાતી સ્થિતિ અને અલ નીનોની સંભવિત અસરોને કારણે ચાલુ વર્ષે શિયાળાની શરૂઆતમાં વિલંબ જોવા મળી રહ્યો હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. જોકે, આગામી દિવસોમાં ઉત્તર-પૂર્વીય દિશામાંથી ફૂંકાનારા શુષ્ક પવનો ઠંડી વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે બહાર નીકળતા લોકો, બાળકો અને વૃદ્ધોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. ખાસ કરીને રાત્રિના સમયે હળવા ગરમ કપડાં પહેરવા અને બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી બનશે.

આગામી બે દિવસ બાદ તાપમાનમાં થનારા ઘટાડા સાથે ગુજરાતમાં શિયાળાની ધીમે-ધીમે જમાવટ થવાની શક્યતા છે. હવે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો કેટલો વધે છે તેના પર રાજ્યભરના નાગરિકોની નજર રહેશે.

સરકારની ખાતરી બાદ પણ ભરતી અટવાતા વ્યાયામ શિક્ષક ઉમેદવારો આકરા પાણીએ

અમદાવાદ,તા.૧૮

રાજ્યની સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતીની માગ ફરી ઉગ્ર બની છે.ભરતી પ્રક્રિયા શરૂ કરવાની સરકારની અગાઉની ખાતરી છતાં લાંબા સમયથી કોઈ નક્કર કાર્યવાહી ન થતાં ઉમેદવારોએ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યું છે. મોટી સંખ્યામાં ઉમેદવારો એકઠા થઈ સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે અને વહેલી તકે સત્તાવાર ભરતી જાહેરનામું બહાર પાડવાની માગ કરી રહ્યા છે.આંદોલન કરી રહેલા ઉમેદવારોનો આક્ષેપ છે કે આજથી આશરે ૧૯ મહિના પહેલાં સરકાર સાથે વ્યાયામ શિક્ષકોની ભરતી અંગે સમાધાન થયું હતું અને ભરતી કરવાની બાંહેધરી આપવામાં આવી હતી. જોકે, આટલો લાંબો સમય પસાર થયા બાદ પણ ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. ઉમેદવારોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રક્રિયામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી નથી.ઉમેદવારોની મુખ્ય માગ રાજ્યની શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવાની છે. આ ભરતી TAT/SAT જેવી યોગ્યતા કસોટીના આધારે પારદર્શક રીતે કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. ઉમેદવારોનું કહેવું છે કે લાયકાત ધરાવતા અનેક યુવાનો લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહ્યા છે અને પ્રક્રિયામાં વિલંબને કારણે તેમના ભવિષ્ય પર સીધી અસર થઈ રહી છે.ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયેલા ઉમેદવારોએ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે માત્ર ખાતરી અને આશ્વાસનથી હવે કામ નહીં ચાલે. ભરતી અંગે સત્તાવાર જાહેરનામું બહાર પાડીને પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી તેમની સ્પષ્ટ માગ છે. ઉમેદવારોએ ચીમકી આપી છે કે જ્યાં સુધી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી અંગેનું જાહેરનામું બહાર નહીં પડે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવામાં આવશે. હવે સરકાર આ ઉમેદવારોની માગ પર શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

૧૫ વર્ષની ધીરજ ફળી

પંજાબના ટ્રક ડ્રાઇવરને ૩. ૧૨ કરોડનો જેકપોટ લાગ્યો

પરિવારથી છાનામાના તહેવારો પર ટિકિટ ખરીદતા મોહાલીના બલજિન્દર સિંહનું નસીબ ૫૦૦ની દિવાળી બમ્પર લોટરીથી ચમક્યું

મોહાલી, તા.૧૮

કિસ્મત ક્યારે અને કેવી રીતે પલટો મારે તે કોઈ કહી શકતું નથી, તેવી જ એક પ્રેરણાદાયી અને રસપ્રદ ઘટના પંજાબના મોહાલી જિલ્લામાં સામે આવી છે. છેલ્લા ૧૫ વર્ષથી પરિવારને જાણ કર્યા વિના તહેવારો પર નિયમિત લોટરીની ટિકિટ ખરીદતા એક સામાન્ય ટિપર ટ્રક ડ્રાઇવર બલજિન્દર સિંહને 'પંજાબ સ્ટેટ ડિયર દિવાળી બમ્પર ૨૦૨૬' લોટરીમાં રૂ. ૧૨ કરોડનું પ્રથમ ઈનામ લાગ્યું છે. માત્ર રૂ. ૫૦૦ની ટિકિટે તેમના પરિવારનું જીવન રાતોરાત બદલી નાખ્યું છે.

મોહાલીના ડેરાબસ્સી વિસ્તારના હમ્યૂંપુર ગામના રહેવાસી બલજિન્દર સિંહ ટિપર ટ્રક ચલાવીને અને થોડી ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં પત્ની અને બે બાળકો છે.

બલજિન્દરે જણાવ્યું હતું કે, "હું વર્ષ ૨૦૧૦થી દર તહેવારના અવસરે લોટરીની ટિકિટ ખરીદતો હતો. મને હંમેશા વિશ્વાસ હતો કે એક દિવસ ભગવાન મારી પ્રાર્થના સાંભળશે, જોકે મેં મારી આ આદત વિશે ઘરના કોઈ સભ્યને જાણ થવા દીધી ન હતી."તેમણે આ વિજેતા ટિકિટ મોહાલીના જીરકપુર ખાતેની એક દુકાનમાંથી ખરીદી હતી.

ગત ૧૬ નવેમ્બરે યોજાયેલા દિવાળી બમ્પર ડ્રોના પરિણામની જાણ બલજિન્દરને સોમવારે રાત્રે થઈ હતી. મંગળવારે તેમણે લોટરી વિભાગની કચેરીએ પહોંચીને ઈનામની રકમ મેળવવા માટેની જરૂરી કાયદાકીય ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી. આ ઐતિહાસિક જીત બાદ ભાવુક થયેલા બલજિન્દરે જણાવ્યું કે, તેઓ આ રકમનો મોટો હિસ્સો પોતાના બંને બાળકોના ઉચ્ચ શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય પાછળ ખર્ચ કરશે.

બલજિન્દરને રૂ. ૧૨ કરોડની લોટરી લાગી હોવાના સમાચાર ગામમાં ફેલાતા જ ઉત્સવનો માહોલ છવાઈ ગયો હતો. ગ્રામજનોએ તેમના ઘરે ઉમટી પડીને પરિવારને અભિનંદન પાઠવ્યા હતા અને સમગ્ર ગામમાં મીઠાઈઓ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી.

પથ્થરમારામાં કોચનો કાચ તૂટ્યો

સુરત નજીક ચાલુ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો

સચિન અને ભેસ્તાન સ્ટેશન વચ્ચે અસામાજિક તત્વોનું કૃત્ય; અચાનક કાચ તૂટવાના અવાજથી મુસાફરોમાં ગભરાટ

સુરત, તા.૧૮

ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે દોડતી અત્યંત આધુનિક ગાંધીનગર-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને સુરત નજીક અસામાજિક તત્વોએ નિશાન બનાવી હોવાની ઘટના સામે આવી છે. ગત સાંજે સચિન અને ભેસ્તાન રેલવે સ્ટેશન વચ્ચે પૂરઝડપે પસાર થઈ રહેલી આ ટ્રેન પર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતા એક કોચની બારીનો કાચ તૂટી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગરથી મુંબઈ તરફ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ગત સાંજે આશરે પઃ૩૦ વાગ્યાના સુમારે સુરત નજીક સચિન અને ભેસ્તાન રેલવે સ્ટેશન વચ્ચેના ટ્રેક પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન બહારથી કેટલાક અજાણ્યા તત્વોએ ચાલુ ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા. પથ્થર વાગવાને કારણે ટ્રેનના એક કોચની બારીનો કાચ તૂટી ગયો હતો. અચાનક કાચ તૂટવાના મોટા અવાજથી કોચમાં બેઠેલા મુસાફરોમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ પણ મુસાફરને શારીરિક ઈજા પહોંચી ન હતી.રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાની આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી હતી. આ મામલે રેલવે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ દાખલ કરી છે. હાલમાં રેલવે પોલીસ અને આરપીએફ (RPF)ની ટીમો દ્વારા સચિન તથા ભેસ્તાન રેલવે ટ્રેકની આસપાસના વિસ્તારોમાં સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે, જેથી મુસાફરોના જીવ જોખમમાં મૂકનારા જવાબદાર તત્વોને વહેલી તકે ઝડપીને તેમની સામે કડક કાર્યવાહી કરી શકાય.

ફેન્સે મને ખોટો સાબિત કરી દીધો : ધોની

IPLમાંથી નિવૃત્તિ બાદ ધોનીનો પહેલો વીડિયો વાયરલ થયો

છ વર્ષ જૂની ભૂલનો કર્યો ઉલ્લેખ; ઇન્સ્ટાગ્રામ પર શેર કર્યો વીડિયો, ચેન્નાઈ સુપર કિંગ્સમાં મેન્ટરની ભૂમિકા નિભાવશે

ચેન્નાઈ, તા.૧૮

ભારતીય ક્રિકેટના દિગ

રાજુલાના સમુહખેતી (ધુડીયા આગરીયા) મુકામે રાજ્યપાલએ ઊઘડતી ઉષાએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યા યોગ અને પ્રાણાયામ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ અમરેલી જિલ્લાના રાજુલાના સમુહખેતી (ધુડીયા આગરીયા) ગામ ખાતે રાત્રિ વિશ્રામ કર્યા બાદ ઊઘડતી ઉષાએ શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો. જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તથા સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પણ આ યોગાભ્યાસ સત્રમાં જોડાયા હતા. સમુહખેતી મુકામે પરોઢિયે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલએ ઉપસ્થિત ગ્રામજનો, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વિવિધ યોગાસનો કર્યા હતા અને યોગના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, યોગ એ ભારતની પ્રાચીન વિરાસત છે જેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ વ્યાપી બનાવી છે. વ્યસ્ત જીવનશૈલીમાં યોગ અને પ્રાણાયામ સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે. યોગ દ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત થાય છે, જેના કારણે માનસિક તણાવ દૂર થાય છે અને અભ્યાસમાં પણ વધુ એકાગ્રતા પ્રાપ્ત થાય છે. યોગ અભ્યાસ બાદ રાજ્યપાલએ પ્રાણાયામનો અભ્યાસ પણ કર્યો હતો અને સેને નિયમિત પ્રાણાયામ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કપાલભાતિ, અનુલોમ–વિલોમ, ભસ્ત્રિકાના નિયમિત અભ્યાસથી સનતંત્ર મજબૂત બનતું હોવાની માહિતી આપી હતી. ઉપરાંત ઓમકારનું મહત્વ સમજાવ્યું હતું. અંતે ઓમકારના ઉચ્ચારણ સાથે સમગ્ર યોગાભ્યાસને શાંતિપૂર્ણ રીતે વિરામ આપવામાં આવ્યો હતો. રાજ્યપાલએ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવેલી યોગ પ્રસ્તુતિને બિરદાવી હતી. રાજ્યપાલએ યોગ અભ્યાસમાં સહભાગી થનારા સૌ ઉપસ્થિતોને નિરામય સ્વાસ્થ્ય માટે આર્શીવચન પાઠવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

ભારત આર્થિક સંકટની અણીએ

પણ તેમણે સવાલ કર્યો હતો. ચૂંટણીનાં પરિણામો અંગે પણ તેમણે આશંકા વ્યક્ત કરી હતી. કેટલીક રસાકસીભરી બેઠકો પર અચાનક મોટા મતતફાવતથી મળેલી જીત અંગે તેમણે સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ બાબતે તેમણે કરેલા આક્ષેપો અને ચૂંટણી ગેરરીતિના દાવાઓને સ્વતંત્ર રીતે સાબિત થયેલા તથ્યો તરીકે જોઈ શકાય નહીં.

રાહુલ ગાંધીએ ભારતના આર્થિક મોડલ અંગે પણ ટીકા કરી હતી. તેમના મતે, નાના અને મધ્યમ ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્ર રોજગારીનું મુખ્ય માધ્યમ છે. દેશમાં ઉત્પાદન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો. માત્ર સર્વિસ સેક્ટરના આધારે દેશના તમામ યુવાનોને રોજગારી પૂરી પાડવી શક્ય નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીના નિવેદનો બાદ ભારતમાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. ભાજપ તરફથી પણ તેમના નિવેદનોની ટીકા કરવામાં આવી છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ વિદેશની ધરતી પર ભારતની છબી ખરડવાનો આક્ષેપ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી બે દિવસીય અમેરિકાના પ્રવાસે છે. તેઓ કોલંબિયા યુનિવર્સિટી બાદ શિકાગો યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવાના છે. આ દરમિયાન ભારતની વિદેશ નીતિ, વૈશ્વિક રાજકારણ અને ઈરાન સંઘર્ષ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૬	૧૮૬૨
૨	મગફળી	૧૨૭૫	૧૪૫૧
૩	ચણા	૧૪૪૦	૧૪૪૦
૪	જુવાર	૧૩૫૦	૧૫૩૫
૫	તલ કાળા	૩૫૮૦	૩૫૮૦
૬	સોયાબીન	૧૪૫૦	૧૪૫૦
૭	ઘઉં	૪૬૨	૪૬૨
૮	અડદ	૧૬૯૯	૧૮૨૦
૯	બાજરો	૪૧૨	૫૭૫

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૧૦	૧૯૨૫
૨	કપાસ મીડીયમ	૧૬૧૦	૧૭૮૦
૩	મગફળી	૧૪૧૦	૧૫૫૧
૪	તલ કાળા	૩૬૮૦	૪૧૦૦
૫	જીરૂ	૪૮૪૦	૫૩૫૫
૬	ચણા	૧૪૧૧	૧૪૬૫
૭	અડદ	૧૬૩૦	૧૮૦૫
૮	સોયાબીન	૧૪૮૦	૧૫૦૫

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૪૦	૧૫૫૦
૨	ગીરનાર શીંગ	૧૧૦૦	૧૫૪૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૬૪૫
૪	શિંગદાણા ફાડા	૧૫૬૦	૧૯૬૦
૫	તલ સફેદ	૨૩૦૦	૩૬૯૦
૬	તલ કાળા	૨૫૦૦	૪૦૮૦
૭	તલ કાશ્મીરી	૩૧૫૦	૩૩૦૦
૮	બાજરો	૬૦૦	૬૧૫
૯	ઘઉં ટુકડા	૫૫૫	૭૯૫
૧૦	ઘઉં લોકવન	૫૭૦	૬૪૫
૧૧	અડદ	૧૫૦૦	૧૭૫૦
૧૨	ચણા	૧૨૦૦	૧૫૬૦
૧૩	કપાસ	૧૩૦૦	૧૯૩૦
૧૪	એરંડા	૧૩૫૦	૧૫૬૦
૧૫	જીરૂ	૪૮૧૦	૫૨૬૫
૧૬	ધાણી	૨૭૫૦	૨૮૧૫
૧૭	સોયાબીન	૧૧૨૫	૧૪૬૫
૧૮	રજકાનું બી	૬૩૦૦	૮૬૭૦
૧૯	મરચા લાંબા	૨૨૪૦	૫૬૭૦

પાના ૮ ઉપરનું ચાલું

રાજુલાનાં સમૂહખેતી ગામ ખાતે

બીમારીઓ પાછળ થતા કરોડો રૂપિયાના આર્થિક બોજનો ઉલ્લેખ કરી રાજ્યપાલએ જણાવ્યું કે, જો ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'નું સ્વપ્ન ઝડપથી સાકાર થશે અને પરિવારો ભયાનક બીમારીઓથી બચશે.

કાર્યક્રમના અંતમાં રાજ્યપાલના આહ્વાનથી સમૂહ ખેતી ગામ ખાતે ઉપસ્થિત તમામ ખેડૂત ભાઈ–બહેનોએ બંને હાથ ઊંચા કરી આવનારી પેઢીને ઝેરી આહારથી બચાવવા, ધરતીમાતાની ફળદ્રુપતા જાળવવા અને આજથી જ 'પ્રાકૃતિક ખેતી' અપનાવવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે રાસાયણિક ખાતરોના અંધાધૂંધ ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટી ગયું છે અને સમાજમાં ગંભીર બીમારીઓ વધી છે. તેના વિકલ્પે પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા સુધરે છે અને ખેડૂતોને બજારમાં શુદ્ધ ઉત્પાદનોનો દોઢ થી પોણા બે ગણો વધુ ભાવ મળે છે.

રાજ્યપાલના જનજાગૃતિ અભિયાનની પ્રશંસા કરતા મંત્રીએ માહિતી આપી હતી કે, હાલ ગુજરાતમાં ૯ લાખ જેટલા ખેડૂતો ૮.૭૯ લાખ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પણ ૧૩,૦૦૦ ખેડૂતોએ ૧૯,૦૦૦ એકરમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી છે. રાજય સરકારે પ્રાકૃતિક કૃષિના વ્યાપ માટે ૩ ગ્રામ પંચાયત દીઠ એક એવા ૪૮૯૦ કલસ્ટર બનાવ્યા છે. ૭૫૯૧ જેટલી કૃષિ સખીઓ અને સીઆરપી મારફતે અત્યાર સુધીમાં લાખો ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. વધુમાં, હાલોલમાં દેશની પ્રથમ નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરાઈ છે અને ખેડૂતોના ઉત્પાદનોના સીધા વેચાણ માટે રાજયમાં ૧૪૦૦થી વધુ વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. અંતમાં, મંત્રીએ આવનારી પેઢીને રોગમુકત જીવન અને શુદ્ધ જમીન આપવા માટે નાગરિકોને રસોડામાં અને ખેડૂતોને ખેતરમાં પ્રાકૃતિક ઉત્પાદનો અપનાવવાનો સામૂહિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

સમૂહ ખેતી ગામે સામૂહિક ખેતીના પ્રણેતા ભગવાનાબાપા કસવાલાની પ્રતિમાનું મહાનુભાવોના હસ્તે અનાવરણ કરવામા આવ્યું હતું. તેમજ ગામના વિકાસમાં યોગદાન આપનારા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમૂહ ખેતી ગામે પધારેલા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજયપાલ સાથે સમૂહ ખેતી ગામે પ્રાથમિક શાળાના ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ આ પ્રકારની તક નહોતી મળી પરંતુ પ્રથમ વખત હું પણ રાજયપાલ સાથે આ પરંપરામાં સહભાગી થયો છું.

કાર્યક્રમના પ્રારંભે સમૂહ ખેતીના પ્રણેતા ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તેમજ રાજુલા–ખાંભા–જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ કરતાં પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. રાજયપાલએ કૃષિ સખી, સી.આર.પી., એફએમટી, જી.એમ.ટી.એમ.ટી. તેમજ પ્રગતિશીલ ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ઊર્જા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા પંચાયતનાં અધ્યક્ષ દક્ષાબેન, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવિયા, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, તાલુકા પંચાયત પ્રમુખ મદીબહેન, નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ, અમરેલીના કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશકુમાર મોર્ય, પોલીસ અધિક્ષક જયવીર ગઢવી, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, આત્મા પ્રોજેકટ અને કૃષિ વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

અરજદાર : ધીરૂભાઈ રામજીભાઈ જોધાણી, ઉ.વ. ૭૦, ધંધો : હીરાકામ, રહે. દુધાળા, તા. લાઠી, જિ. અમરેલી હાલ રહે. સુરત કંતારેશ્વર સોસાયટી ઘર નં. ૧૫ — ફોજદારી પરચુરણ અરજ નં. ૯૩/૨૦૨૬ મુદત તારીખ : ૨૮/૧૨/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

સામાવાળા : (૧)તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કયેરી, જન્મ – મરણ અધિકારીશ્રી–શેઢાવદર, મુ. શેઢાવદર, તા. લીલીયા, જી. અમરેલી **અરજદારના વકીલ : કે. એમ. પાઠક**

–: જાહેર નોટીસ :–

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જણાવવામાં આવે છે, કે ઉપરોકત કામે અરજદારના વકીલશ્રી કે. એમ. પાઠક મારફત અરજદાર **ધીરૂભાઈ રામજીભાઈ જોધાણી**, રહે. દુધાળા, તા. લાઠી, જી. અમરેલીવાળાએ તેમના પુત્રની જન્મ તારીખ : ૨૮/૦૨/૧૯૭૭ના રોજ શેઢાવદર મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધા–તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૮/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ. **૧૭ માહે નવેમ્બર સને ૨૦૨૬**ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર (એસ.જે. મકવાણા) આસીસ્ટન્ટ — સિક્કો — મુકાબલ કરનાર (પી. એન. પરમાર) ઈ.ચા. બેન્ચ કલાર્ક — હુકમથી (એ.એસ. દવે) રજીસ્ટ્રાર જયુ. મેજી. ફ. ક. કોર્ટ, લીલીયા

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૬૪	૧૮૬૬

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૫૦	૧૯૩૨
૨	ઘઉં ટુકડા	૪૬૦	૬૨૫
૩	ઘઉં ટુકડા	૫૭૦	૬૩૧
૪	મગફળી	૧૨૦૦	૧૪૫૦
૫	ચણા	૧૪૨૦	૧૪૩૪
૬	સોયાબીન	૧૧૦૦	૧૪૪૦
૭	એરંડા	૧૨૦૦	૧૨૦૦
૮	લસણ	૧૨૨૦	૧૮૮૦
૯	ચણા સફેદ	૧૩૪૫	૧૪૯૦
૧૦	ધાણા	૩૦૦૦	૩૧૬૫
૧૧	અડદ	૧૪૦૫	૧૪૦૫
૧૨	અળસી	૧૩૯૦	૧૩૯૦
૧૩	શીંગદાણા	૧૫૦૦	૧૬૨૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૭૧
૩	તલ સફેદ	૩૩૫૦	૩૭૪૫
૪	તલ કાળા	૩૪૦૦	૩૮૨૦
૫	જીરૂ	૫૦૦૦	૫૪૪૧
૬	કપાસ	૧૮૫૦	૧૯૦૦
૭	ઘઉં લોકવન	૫૬૦	૬૨૫
૮	ઘઉં ટુકડા	૬૦૦	૬૫૫
૯	બાજરો	૪૦૦	૫૯૧
૧૦	જુવાર	૮૫૦	૧૦૭૦
૧૧	મગ	૧૨૦૦	૧૪૫૧
૧૨	અડદ	૧૬૫૦	૨૦૦૦
૧૩	ચણા	૧૩૦૦	૧૪૮૪
૧૪	દેશી ચણા	૧૨૦૦	૧૪૦૦
૧૫	તુવેર	૧૩૫૦	૧૬૫૦
૧૬	મેથી	૧૦૫૦	૧૪૨૦
૧૭	સોયાબીન	૧૩૭૦	૧૪૭૫

પાના ૮ ઉપરનું ચાલું

શેરબજારમાં થયેલો મોટો કડાકો

ઘટાડા સાથે ૮૨,૦૩૧.૮૧ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે **NSE** નિફ્ટી ૫૦માં ૧૫૯.૪૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૫,૨૨૭.૯૫ના સ્તરે બંધ થયો હતો. બજારમાં વેચવાલીનું દબાણ વધતાં અનેક મોટા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજના બજારમાં કેટલાક શેરોએ રોકાણકારોને રાહત આપી હતી. **SBI**, સિપ્લા અને ટાટા કન્ઝ્યુમર જેવા શેરોમાં ખરીદી જોવા મળી હતી. બીજી તરફ ટાઈટન, હિંડાલ્કો, **HDFC** લાઈફ અને ટાટા મોટર્સ જેવા શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

મિડકેપ શેરોમાં પણ નબળાઈ જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સમાં આશરે ૧.૨૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે સ્મોલકેપ શેરોમાં પણ દબાણ જોવા મળ્યું હતું. શેરબજારની દિશા નક્કી કરવામાં વૈશ્વિક બજારોની સ્થિતિ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ખરીદી-વેચવાલી, ડોલર સામે રૂપિયાની સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય આર્થિક પરિસ્થિતિ મહત્વની ભૂમિકા ભજવે છે. આ પરિબળો વચ્ચે રોકાણકારો સાવચેતીપૂર્વક કારોબાર કરતા જોવા મળી રહ્યા છે.

બજારમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળતો હોવાથી રોકાણકારોએ ઉતાવળમાં નિર્ણય લેવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને ઈન્ટ્રાડે ટ્રેડિંગ કરતા રોકાણકારોએ સ્ટોપલોસ રાખવો જરૂરી છે. લાંબા ગાળાના રોકાણકારોએ કંપનીના ફંડામેન્ટલ્સ, નાણાકીય પરિણામો અને ભવિષ્યની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

આગામી કારોબારી સત્રમાં નિફ્ટી અને સેન્સેક્સ કઈ દિશામાં આગળ વધે છે તેના પર રોકાણકારોની નજર રહેશે. બજારમાં નવી ખરીદી શરૂ થાય છે કે વેચવાલીનું દબાણ યથાવત રહે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે ચિતલ રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૧૩ પૈકી. સ.નં. ૨૮૦૫ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ "ગીરીરાજનગર" નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૯૭ પૈકી ૯૮ પૈકીની કુલ જમીન ચો.મી. ૯૦–૦૦ વાળી મિલ્કત હાલના માલીક **કિર્તીભાઈ કાંતિલાલ ગોહિલ** ના સ્વતંત્ર નામે ચાલે છે અને સદર હુ મિલ્કત તેઓએ **જયાબેન દેવજીભાઈ માધડ** ને **તા. ૦૬/૧૧/૨૦૨૬**નાં રોજ અનુ.નં. ૫૬૫૬થી નોંધાયેલ લેખથી રજી. બાનાખત કરી આપેલ છે અને સદરહુ મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ ઉત્તરોત્તરના લેખો તેમજ તેની નકલો રજુ કરેલ છે. પરંતુ સદરહુ મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમા લક્ષ્મીદાસ વૃજલાલ સાદરાણી, મનોજકુમાર લક્ષ્મીદાસ સાદરાણી, અશ્વિનકુમાર પ્રવિણચંદ્ર અઢીયા, અતુલકુમાર ભગવાનદાસ દતાએ ભાગીદારી પેઢીમાં સદરહુ મિલ્કત ખરીદ કરેલછેઅનેતા. ૧૬/૦૨/૧૯૯૧, તા. ૨૩/૧૦/૨૦૦૦ તથાતા. ૧૨/૦૩/૧૯૯૮ નાંરોજ ભાગીદારી તેમજ ભાગીદારી છુટી કરવા અંગેનો લેખો રજુ થયેલ છે જેની રૂઈએ સદરહુ મિલ્કત શ્રી ગીરીરાજ લેન્ડ કોર્પોરેશનના ભાગીદાર મનોજકુમાર લક્ષ્મીદાસ સાદરાણીના માલીકી હકકે આવેલ છે તેવી રજુઆત હાલના માલીક કિર્તીભાઈ કાંતિલાલ ગોહિલ તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

સબબ ઉપરોકત ભાગીદારી લેખ તેમજ ભાગીદારી છુટી વહેચણી લેખ સંબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈ પણ ભાગ અન્વયે કોઈ પણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિત તેમજ ભાગીદારનો કે કોઈ પણનો કોઈ પણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (**WAVE**) કરેલ છે તેમ માની અમો સદરહુ મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈ પણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

અસીલની સુચનાથી

ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી
મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧

દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા
એડવોકેટ

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૦૦	૧૫૦૦
૨	તલ સફેદ	૩૧૫૦	૩૩૬૦
૩	તલ કાળા	૩૦૦૦	૩૦૦૦
૪	કપાસ	૧૭૮૦	૧૮૬૫
૫	બાજરો	૪૫૦	૬૨૫
૬	ઘઉં ટુકડા	૫૩૫	૬૬૩
૭	જુવાર	૭૦૦	૧૬૦૧
૮	મગ	૨૭૦૦	૩૫૦૧
૯	અડદ	૧૭૦૦	૧૬૦૦
૧૦	ચણા	૧૦૧૦	૧૫૦૦
૧૧	મેથી	૧૪૦૧	૧૪૦૧
૧૨	સોયાબીન	૧૩૬૦	૧૪૭૬

વ્યાખ્યાતાથી કાર્યકારી કુલપતિ સુધીની યાદગાર યાત્રા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડિયાનો નિવૃત્તિ વિદાયમાન સમારોહ સંપન્ન

કુલપતિ પ્રોફે. ઉપલ જોશીના કર્મચારીઓ પ્રત્યેના આત્મીય અને સોહાર્દ પૂર્ણ વ્યવહારને બિરદાવતા પ્રોફેસર ડોડીયા



અમરેલી, તા. ૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં શૈક્ષણિક, સંશોધકીય અને પ્રશાસકીય જગતમાં અવિરત ૨૮ વર્ષ સુધી જ્ઞાનની દીવાદાંડી સમાન સેવાઓ આપીને તાજેતરમાં વયનિવૃત્ત થયેલા અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રાધ્યાપક, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ અને સેનેટના પૂર્વ સભ્ય તથા યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાને યુનિવર્સિટી પરિવાર દ્વારા એક અત્યંત ગરિમાપૂર્ણ અને ભાવસભર વિદાયમાન સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના આર્ટ ગેલેરી હોલમાં કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ ઉષ્માસભર કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડા. અજયસિંહ જાડેજાએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રોફે. ડોડિયાના વિશિષ્ટ શૈક્ષણિક પ્રદાનને ભાવવાહી શબ્દોમાં બિરદાવ્યું હતું. અંગ્રેજી ભવનના વડા પ્રોફે. કમલ મહેતા અને બાયોસાયન્સ વિભાગના વડા પ્રોફે. રમેશ કોઠારીએ નિવૃત્ત થયેલા કર્મચારીઓને શુભેચ્છા પાઠવીહતી. કુલપતિ અને અન્ય મહાનુભાવોના હસ્તે નિવૃત્ત અધ્યાપકો પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, પ્રોફે. રાહુલ કુંડુ તેમજ અંગ્રેજી ભવનના બિનશૈક્ષણિક કર્મચારી રાજેન્દ્રસિંહ ભટ્ટીનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન આપી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનના પ્રત્યુત્તરમાં પોતાના આગવા અનુભવોને સંવેદના સભર ઢબે વાગોળતા પ્રોફે. ડો. જયદીપસિંહ ડોડિયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તેમની ૨૮ વર્ષની આ યાત્રાએ તેમનાં વ્યક્તિત્વ અને શૈક્ષણિક ઘડતરમાં ભવ્ય અને ભાતીગળ ભૂમિકા ભજવી છે. વર્ષ ૧૯૯૮માં જયારે તેઓ આ યુનિવર્સિટીમાં જોડાયા ત્યારે પણ તે સેનેટ, સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલના સભ્ય હતા અને હવે વયમર્યાદાને કારણે નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે પણ તે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય હતા.

પ્રોફે. ડોડિયાની આ શૈક્ષણિક યાત્રા અનેક સીમાચિહ્નોથી મઢેલી રહી છેઃ

વ્યાખ્યાતાથી સર્વોચ્ચ પદ સુધી : અધ્યાપન અને સંશોધનની સાથોસાથ યુનિવર્સિટીના સત્તા મંડળોમાં સક્રિય યોગદાન આપી તેઓ વ્યાખ્યાતા પદેથી પ્રારંભ કરી સેરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટસ ફેકલ્ટીના ડીન અને કાર્યકારી કુલપતિ તરીકે સફળ તાપૂર્વક જવાબદારી નિભાવી ચૂકયા છે.

રાષ્ટ્રીય સ્તરે ગૌરવઃ યુજીસી ચેરમેનના નોમિની તરીકે તેમજ યુનિવર્સિટીના કુલપતિઓની સર્ચ કમિટીમાં અધ્યક્ષ પદે રહી ચૂકેલા જયદીપસિંહ ડોડિયાએ ઈન્ડિયન એસોસિએશન ફોર કેનેડિયન સ્ટડીઝના પ્રમુખ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રે મૂલ્યવાન યોગદાન પૂરૂ પાડ્યું છે.

સાહિત્યિક અને સાંસ્કૃતિક અનુરાગઃ અંગ્રેજી સાહિત્યના પ્રખર અપ્રયાપક હોવા છતાં, પ્રોફે. ડોડિયાએ હંમેશાં ભારતીય સંસ્કૃતિ, લોક સાહિત્ય, દર્શનશાસ્ત્ર અને ગુજરાતની ઉજજળ પરંપરાઓને પોતાના વ્યાખ્યાનોમાં વણી લઈને યુવા વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચવાનું ભાગીરથ કાર્ય કર્યું છે. પ્રોફે. ડોડિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉપલ જોશીની કર્મચારી–કેન્દ્રીત નીતિ અને માનવીય અભિગમને ખુલ્લા મનથી બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, તાજેતરમાં યુનિવર્સિટીના સ્થાપના દિવસે કુલપતિ પ્રોફે. ઉપલ જોશીએ યુનિવર્સિટીમાં ૨૫ વર્ષની દીર્ઘ સેવા પૂર્ણ કરનાર શૈક્ષણિક અને ત્રીજા–ચોથા વર્ગના બિનશૈક્ષણિક કર્મચારીઓનું આર્ટ ગેલેરી હોલમાં જે પ્રકારે ગરિમાપૂર્ણ સન્માન કર્યું, તે મારી ૪૦ વર્ષની શૈક્ષણિક કારકિર્દીમાં મેં કયારેય કયાંય જોયું નથી. તેમણે ઉમેર્યું હતું કે કર્મચારીઓની દિર્ઘ કાલીન સેવાની કદર કરવાનો આ અભિગમ સમગ્ર ઉચ્ચ શિક્ષણ જગત માટે અત્યંત અનુકરણીય છે. તેમજ યુનિવર્સિટીમાં ખાલી પડતી કર્મચારીઓની જગ્યાઓ પર સમયસર ભરતી થાય તે માટે કુલપતિ અને તેમની ટીમની સક્રિયતા બદલ તેમણે હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો. ગૌરવવંતા સમારોહના અધ્યક્ષ પદેથી બોલતા કુલપતિ પ્રોફે. ઉપલ જોશીએ નિવૃત્ત થનારા કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી અને યુનિવર્સિટી પરિવાર સાથેનો નાતો કાયમી જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. પરીક્ષા નિયામક ડો. ધીરેન પંડયા, ચીફ એકાઉન્ટન્ટ વિમલદાન ગઢવી, સહકારી મંડળીના મંત્રી અને ગણિત ભવનના વડા પ્રોફે. વી. જે. કનેરિયા તથા યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યક્ષઓ, પ્રાધ્યાપકો, અધિકારીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન સમાજશાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક ડા. ભરત ખેર દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ સેકશન ઓફિસર શુભેન્દુ ગઢવી દ્વારા કરવામાં આવી. સામાન્ય વિભાગના સેકશન ઓફિસર શ્રી શુભેન્દુ ગઢવી અને તેમની ટીમે આ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

શુભમન ગિલ નંબર-૧ પર યથાવત્

ICC ODI રેન્કિંગમાં રોહિત શર્મા પાંચમા સ્થાને સરક્યો

કોહલી ત્રીજા ક્રમે કાયમ, અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાને રોહિતને પાછળ છોડ્યો; ઈંગ્લેન્ડના ટોમ બેન્ટનની ૩૪ સ્થાનની છલાંગ

નવી દિલ્હી, તા.૧૮

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની વનડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય સ્ટાર બેટ્સમેન રોહિત શર્માને મોટું નુકસાન થયું છે. ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં નબળા પ્રદર્શનને કારણે રોહિત ચોથા સ્થાનેથી પાંચમા ક્રમે સરકી ગયો છે. બીજી તરફ ભારતીય ટીમનો યુવા બેટ્સમેન શુભમન ગિલ ૮૦૬ રેટિંગ પોઈન્ટ સાથે વિશ્વનો નંબર-૧ વનડે બેટ્સમેન બની રહ્યો છે. વિરાટ કોહલી પણ ૭૫૭ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને યથાવત્ છે.

ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની વનડે શ્રેણીની ચાર ઈનિંગ્સમાં રોહિત શર્મા માત્ર ૩૦ રન બનાવી શક્યો હતો. આ પ્રદર્શનની અસર તેની ICC રેન્કિંગ પર જોવા મળી છે. રોહિતના રેટિંગ પોઈન્ટ ઘટીને ૭૩૨ થઈ ગયા છે. બીજી તરફ અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાને ૭૫૨ પોઈન્ટ સાથે ચોથું સ્થાન મેળવી લીધું છે.

ભારતીય ક્રિકેટ ચાહકો માટે રાહતના સમાચાર એ છે કે શુભમન ગિલે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિશેલ ૭૩૮ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જ્યારે વિરાટ કોહલી ૭૫૭ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને યથાવત્ છે.

ICC વનડે બેટિંગ રેન્કિંગ : ટોપ-૧૦

૧. શુભમન ગિલ (ભારત) – ૮૦૬
૨. ડેરિલ મિશેલ (ન્યૂઝીલેન્ડ) – ૭૩૮
૩. વિરાટ કોહલી (ભારત) – ૭૫૭
૪. ઈબ્રાહિમ ઝાદરાન (અફઘાનિસ્તાન) – ૭૫૨
૫. રોહિત શર્મા (ભારત) – ૭૩૨
૬. શાઈ હોપ (વેસ્ટ ઈન્ડિઝ) – ૭૧૦
૭. બેન ડકેટ (ઈંગ્લેન્ડ) – ૬૯૯
૮. બાબર આઝમ (પાકિસ્તાન) – ૬૬૧
૯. જો રૂટ (ઈંગ્લેન્ડ) – ૬૫૨
૧૦. કુસલ મેન્ડિસ (શ્રીલંકા) – ૬૪૯

ભારતીય બેટ્સમેન કેએલ રાહુલને પણ રેન્કિંગમાં નુકસાન થયું છે. તે દસમા સ્થાનેથી સરકીને ૧૧મા ક્રમે પહોંચી ગયો છે. બીજી તરફ પાકિસ્તાનના બાબર આઝમે નવમા સ્થાનેથી આઠમા સ્થાને પ્રગતિ કરી છે. ઈંગ્લેન્ડના જો રૂટે પણ બે સ્થાનનો સુધારો કરીને નવમું સ્થાન મેળવ્યું છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોમ બેન્ટન માટે આ રેકિંગમાં મોટી સફળતા રહી છે. ઓસ્ટ્રેલિયા સામે એડિલેડમાં ૧૫ નવેમ્બરે રમાયેલી મેચમાં ૧૨૧ રનની શાનદાર ઈનિંગ્સના કારણે તેણે ૩૪ સ્થાનની છલાંગ લગાવીને ૧૩મું સ્થાન મેળવ્યું છે. બીજી તરફ ભારતીય બેટ્સમેન શ્રેયસ અય્યર પાંચ સ્થાન નીચે સરકીને ૨૩મા ક્રમે પહોંચી ગયો છે. આમ, નવી રેકિંગમાં ભારતીય બેટ્સમેનોમાં શુભમન ગિલ અને વિરાટ કોહલીનું વર્ચસ્વ યથાવત્ છે, જ્યારે રોહિત શર્મા અને કેએલ રાહુલના ક્રમમાં ઘટાડો નોંધાયો છે.

દોઢ મહિના પહેલા ધારાસભ્યનાં વરદ્હસ્તે

સાવરકુંડલાનાં વીજપડીમાં રૂપિયા ૨.૭૫ કરોડનાં ખર્ચે બનનાર માર્ગનું માત્ર ખાતમુહૂર્ત જ કરાયું

માર્ગ બનાવવાને બદલે માત્ર થીંગડા મરાયાનો આક્ષેપ



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા તાલુકા પંચાયતનાં સદસ્ય નિર્મળ વાટલિયાએ વીજપડીમાં બનનારા માર્ગને લઈને એક નિવેદન આપેલ છે.

તેઓએ જણાવ્યું કે, વીજપડીથી વીજપડી રેલ્વે સ્ટેશન સુધીનાં માર્ગનું તારીખ ૧/૧૦/૨૦૨૬નાં રોજ સાવરકુંડલાનાં ધારાસભ્યનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગ ૨.૭૫ કરોડનાં ખર્ચે બનાવવાનો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

ખાતમુહૂર્ત બાદ સ્થાનિક લોકોને આશા જાગી હતી કે હવે આ માર્ગનું નવનિર્માણ થશે અને વર્ષોથી ચાલતી મુશ્કેલીઓનો અંત આવશે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. કરોડોનાં ખર્ચે બનનારા માર્ગ પર હાલ માત્ર ખાડાઓમાં થિંગડા મારીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. ત્યારે સવાલ એ થાય છે કે ૨.૭૫ કરોડનાં ખર્ચે બનનારા માર્ગનું ખાતમુહૂર્ત તો થઈ ગયું, પરંતુ વાસ્તવિક કામ કયારે શરૂ થશે ?

વધુમાં જણાવ્યું હતું કે, ''વિકાસ માત્ર જાહેરાતો અને ખાતમુહૂર્તનાં કાર્યક્રમોથી થતો નથી. જનતાને સારી સુવિધા મળે તે જ સાચો વિકાસ છે. તંત્ર અને જવાબદાર લોક પ્રતિનિધિઓએ આ બાબતને ગંભીરતાથી લઈ માર્ગનું કામ તાત્કાલિક શરૂ કરાવવું જોઈએ.''

તેમણે માંગ કરી છે કે વીજપડીથી વીજપડી રેલ્વે સ્ટેશન સુધીનાં માર્ગનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે અને ૨.૭૫ કરોડનાં મંજૂર કામ અંગે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે.

સાવરકુંડલા : કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે કિશોરની સર્કમસીઝન સર્જરી સફળતાપૂર્વક સંપન્ન



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે તબીબી ક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન સર થયું છે. હોસ્પિટલમાં તાજેતરમાં ૧૬ વર્ષના એક કિશોરની અતિ આધુનિક ઝેડ.એસ.આર. પદ્ધતિ દ્વારા સુન્નત (સર્કમસીઝન)નું ઓપરેશન અત્યંત સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે. આ આધુનિક તકનીકનું મુખ્ય આકર્ષણ એ છે કે તેમાં ઓછામાં ઓછી વાઢકાપ થાય છે અને ટાંકા વગર આ સર્જરી પૂર્ણ કરવામાં આવે છે.

આ સફળ સર્જરી પાછળ હોસ્પિટલનાં અધીક્ષક ડો. વિવેક તરસરીયા, આર.એમ.ઓ. ડો. માલવિકા ચૌધરી અને અનુભવી સર્જન ડો. હરેશ વાળાનું સચોટ માર્ગદર્શન રહ્યું હતું. જનરલ સર્જન ડો. હિમાલી દવે, એનેસ્થેટિસ્ટ ડો. કુલદીપ કાવઠીયા, ઓ.ટી. ઈન્ચાર્જ મહેશભાઈ બોરડ તથા અનુભવી નર્સિંગ સ્ટાફે આ ઓપરેશનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તબીબી વિશેષજ્ઞોનાં જણાવ્યા અનુસાર, આ આધુનિક પદ્ધતિમાં એક જ સમયે આગળની ચામડી (ફોરસ્કિન) કાપવા અને સીલ કરવા માટે વિશિષ્ટ ગોળાકાર સ્ટેપલર ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી દર્દીને રાહત રહે છે.

કે.કે. મહેતા સરકારી હોસ્પિટલનાં સર્જરી વિભાગ દ્વારા માત્ર આ જ નહીં, પરંતુ અન્ય ઘણી ગંભીર બીમારીઓ અને ઈજાઓ માટે પણ નિષ્ણાંત સારવાર પૂરી પાડવામાં આવે છે. જેમાં મુખ્યત્વેઃ સારણગાંઠ (હર્નિયા), એપેન્ડિકસ, પિત્તાશયની પથરી, સ્તનની ગાંઠ, પાયલોનિડલ સાયનસ, હરસ–મસા–ભગંદર, ચરબીની ગાંઠ, રસોળી, પ્લાસ્ટિક સર્જરી (ચામડી ચડાવવાની સારવાર) તેમજ ડાયાબિટીસ કે અન્ય કારણોસર પગમાં થયેલા સડાનીશસ્ત્રક્રિયા.

પેટનો દુખાવો, ગેસ–એસિડિટી, કબજિયાત, મરડો, સ્વાદુપિંડ અને પિત્તાશયનો સોજો, સેલ્યુલાઈટીસ, પથરીનો દુઃખાવો, પ્રોસ્ટેટની ગ્રંથિનો સોજો અને આંતરડાનો અટકાવ જેવા રોગોની સચોટ સારવાર.

રોડ ટ્રાફિક એકિસડન્ટ તેમજ માથા, પેટ અને છાતીની ગંભીર ઈજાઓ માટે તાત્કાલિક ધોરણે સારવાર સેવાઓ જનહિતમાં સદૈવ કાર્યરત એવી કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ, સાવરકુંડલા (અમરેલી) દ્વારા દર્દીઓને અદ્યતન સુવિધાઓ સાથે ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જેનો આ વિસ્તારનાં અસંખ્ય દર્દીઓ લાભ લઈ રહ્યા છે.

અમદાવાદની હોસ્ટેલમાં યુવતીઓ ડ્રગ્સના રવાડે ચઢી

અમદાવાદની હોસ્ટેલમાં રહેતી નવ માંથી છ યુવતીઓ ડ્રગ્સની લતે ચઢી

ડી-એડિક્શન સેન્ટરમાં સારવાર બાદ પણ નશો છૂટ્યો નહીં, હોસ્ટેલ આસપાસ ડ્રગ્સ રેકેટ ચાલતું હોવાની આશંકા વ્યક્ત થઈ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં અભ્યાસ માટે આવેલી યુવતીઓની એક હોસ્ટેલમાં રહેતી ૯ યુવતીઓ વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી, પરંતુ કમનસીબે આ મિત્રતા નશાના રવાડે ચઢતાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ જૂથની ૬ યુવતીઓ ડ્રગ્સના રવાડે ચઢી ગઈ હતી, જેને કારણે તેમને જાણે આજીવન અને અતૂટ નશાનો અહેસાસ થતો હતો. વેકેશનમાં જ્યારે એક યુવતી પોતાના વતનમાં ઘરે ગઈ, ત્યારે તેના બદલાયેલા વર્તન અને હાવભાવ પરથી પિતાને શંકા ગઈ હતી. પિતાએ જ્યારે ઊંડાણપૂર્વક તપાસ કરી ત્યારે આખી પોલ ખુલી ગઈ હતી અને ખબર પડી કે દીકરી સહિત તેની સખીઓ પણ ડ્રગ્સના ગંભીર દલદલમાં ફસાયેલી છે.

જ્યારે આ યુવતીઓને સારવાર માટે ડી-એડિકશન સેન્ટરમાં દાખલ કરવામાં આવી, ત્યારે સારવાર દરમિયાન ડ્રગ્સના વેચાણ અને ફેલાવાને લગતા ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા. ડી-એડિકશન સેન્ટરના ડૉક્ટરો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, સારવાર લઈ રહેલી એક યુવતીએ રી-એડિક્ટ થયા બાદ કબૂલ્યું હતું કે હોસ્ટેલ અને આસપાસના વિસ્તારોમાં એમ.ડી. ડ્રગ્સ કે ગાંજાનો નશો ફેલાવવા માટે એક આયોજનબદ્ધ રેકેટ કામ કરી રહ્યું છે. પાનના ગલ્લા કે સિગારેટ વેચતા અમુક સ્થળો પણ આ નશાના કારોબારમાં સંડોવાયેલા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે, જ્યાંથી યુવાધન સરળતાથી આ ખતરનાક લતનો શિકાર બની રહ્યું છે. રાજ્યમાં યુવા પેઢીમાં ડ્રગ્સ અને સ્મોકિંગનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જેને લઈને નિષ્ણાતો હવે ગુજરાતને 'મિની-પંજાબ' તરીકે સંબોધી રહ્યા છે. આંકડાકીય માહિતી મુજબ, ડ્રગ્સની લત છોડાવવા માટે સારવાર લેનારા દર્દીઓની સંખ્યામાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટો ઉછાળો આવ્યો છે. અમદાવાદ જેવા શહેરોમાં ડી-એડિકશન કિલનિક્સ અને સરકારી જિલ્લા હોસ્પિટલોમાં બેડની સંખ્યા વધારવી પડી છે. વ્યસન મુકિત માટે આવનારા દર્દીઓમાં ૬૫% સુધીનો વધારો નોંધાયો છે, જેમાં મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ સામેલ છે. સંતાનોને નશાની ગતિવિધિઓથી બચાવવા માટે હવે પરિવારોએ અત્યંત સતર્ક રહેવાની જરૂર ઊભી થઈ છે. નશાની લતમાંથી સંપૂર્ણ મુકિત મેળવવા માટે સામાન્ય રીતે ૧૫ દિવસથી લઈને ત્રણ મહિના સુધીની મનોવૈજ્ઞાનિક અને તબીબી સારવાર અનિવાર્ય બને છે. કેટલાક કિસ્સાઓમાં તો પરિવારોએ પોતાના સંતાનોને બચાવવા માટે શહેરો કે રાજ્યો સુધી બદલી નાખ્યા છે. ડ્રગ્સ અને નશીલા પદાર્થોના આ દૂષણને ડામવા માટે માત્ર પોલીસ પ્રશાસન જ નહીં, પરંતુ વાલીઓ અને સામાજિક સ્તરે સામૂહિક જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી બની ગઈ છે.

ગિરનાર લીલી પરિક્રમા પૂર્વે જ ભવનાથમાં ભક્તોનો જમાવડો

જૂનાગઢ,તા.૧૮

આસ્થાના મહાપર્વ સમાન ગિરનારની લીલી પરિક્રમાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે જૂનાગઢના ભવનાથ તળેટીમાં અત્યારથી જ ભક્તિ અને શ્રદ્ધાનો માહોલ છવાઈ ગયો છે. પરિક્રમાના સત્તાવાર પ્રારંભને હજુ ત્રણ દિવસ બાકી હોવા છતાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો અને યાત્રિકોનું આગમન શરૂ થઈ ગયું છે. ભવનાથ તળેટી 'જય ગિરનારી'ના નાદથી ગુંજી ઉઠી છે અને સમગ્ર વિસ્તારમાં મેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. પરિક્રમા માટે વહેલા પહોંચી ગયેલા શ્રદ્ધાળુઓએ ભવનાથ તળેટીમાં જ પોતાના જૂથ સાથે પડાવ નાખવાનું શરૂ કર્યું છે. કોઈ વૃક્ષોની છાયામાં તો કોઈ ખુલ્લા આકાશ નીચે ચૂલા સળગાવીને પોતાના હાથે ભોજન અને પ્રસાદ તૈયાર કરી રહ્યું છે. પરિક્રમા શરૂ થવાની આતુરતામાં ભક્તો ભજન-કીર્તન અને ભોજનની તૈયારીઓમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

યાત્રિકોની સુવિધા માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને મંડળો દ્વારા અન્નક્ષેત્રો શરૂ કરી દેવામાં આવ્યાં છે. અહીં મોટી સંખ્યામાં સ્વયંસેવકો ભોજન તૈયાર કરવાની સેવામાં જોડાયા છે. શાકભાજી સમારવાથી લઈને ગાંઠિયા અને ફરસાણ તૈયાર કરવા સુધીની કામગીરી રાત-દિવસ ચાલી રહી છે. યાત્રિકોને ગરમાગરમ ભોજન અને પ્રસાદ મળી રહે તે માટે અનાજ, કઠોળ, તેલ, શાકભાજી અને બળતણનો પૂરતો જથ્થો એકત્ર કરવામાં આવ્યો છે.

લાખો યાત્રિકોના આગમનની સંભાવનાને ધ્યાનમાં રાખીને સેવાભાવી સંસ્થાઓ દ્વારા પીવાના પાણી માટે ટેકરો અને રાત્રિના સમયે પ્રકાશની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. બીજી તરફ, વહીવટી તંત્ર અને વિવિધ સેવા મંડળો દ્વારા યાત્રિકોની સુરક્ષા, આરોગ્ય અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

સત્તાવાર પરિક્રમા શરૂ થાય તે પહેલાં જ ભવનાથમાં ઉમટી રહેલા શ્રદ્ધાળુઓની સંખ્યાને જોતા આ વર્ષે મોટી સંખ્યામાં ભાવિકો ગિરનારની લીલી પરિક્રમામાં જોડાય તેવી શક્યતા છે. અન્નક્ષેત્રો, સેવાકીય પ્રવૃત્તિઓ અને ભક્તિમય વાતાવરણને કારણે ભવનાથ તળેટી અત્યારથી જ આસ્થાના રંગે રંગાઈ ગઈ છે. હવે ભક્તો પરિક્રમાના સત્તાવાર પ્રારંભની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીનું મોટું નિવેદન

મારી સાથે સ્પર્ધા કરવી હોય તો ૪,૦૦૦ કિમી ચાલવું પડશે

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન મોટું નિવેદન આપ્યું છે. ૧૭ નવેમ્બરના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે પોતાની ભારત જોડો યાત્રાનો ઉલ્લેખ કરીને રાજકારણમાં અલગ ઓળખ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતાં તેમને અન્ય રાજકારણીઓથી અલગ ગણાવ્યા હતા. રાહુલ ગાંધીનાં આ નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ પોતાની ૪,૦૦૦ કિલોમીટરની ભારત જોડો યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જો કોઈએ તેમની સાથે સ્પર્ધા કરવી હોય તો તેણે ૪,૦૦૦ કિલોમીટર ચાલવું પડશે. જોકે, તેમણે સાથે એમ પણ કહ્યું કે જો કોઈ આવું કરશે તો લોકો તેને તેમની નકલ ગણશે. રાહુલ ગાંધીના મતે રાજકારણમાં સફળતા મેળવવા માટે બીજાની નકલ કરવાને બદલે પોતાની અલગ ઓળખ ઊભી કરવી જરૂરી છે. દરેક વ્યક્તિએ પોતાની વિચારધારા, કાર્યશૈલી અને લોકો સાથે જોડાવાની પોતાની રીત વિકસાવવી જોઈએ.આ સંવાદ દરમિયાન રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉદાહરણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી પણ અન્ય રાજકારણીઓથી મૂળભૂત રીતે અલગ છે અને તેમણે રાજકારણમાં પોતાની અલગ જગ્યા બનાવી છે. રાહુલ ગાંધીએ રાજકારણમાં સત્ય, પ્રામાણિકતા અને પ્રેમને સૌથી શક્તિશાળી હથિયાર ગણાવ્યાં હતાં. તેમના મતે રાજકારણમાં માત્ર સ્પર્ધા કરવાને બદલે પોતાની આગવી ઓળખ ઊભી કરવી વધુ મહત્વપૂર્ણ છે.

કોલંબિયા યુનિવર્સિટીના કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ ભારતીય અર્થતંત્ર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દેશની આર્થિક સ્થિતિને આર્થિક આપત્તિ ગણાવીને બેરોજગારી, શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ અને નબળા મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાઓની અસરકારકતા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, દેશમાં યુવાનો માટે પૂરતી રોજગારીની તકો ઊભી થતી નથી, જે ગંભીર ચિંતાનો વિષય છે.

રાહુલ ગાંધીના નિવેદનો સામે ભાજપે પણ આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ તેમના નિવેદનોને વિદેશી ધરતી પર ભારત વિરોધી પ્રચાર ગણાવ્યા હતા. તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના ૭.૮ ટકાના જ્ઞ્ર્ વૃદ્ધિદરનો ઉલ્લેખ કરીને રાહુલ ગાંધીના આર્થિક દાવાઓને પડકાર્યા હતા. બીજી તરફ ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે પણ રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે દેશમાં રાજકીય જમીન ગુમાવ્યા બાદ રાહુલ ગાંધી વિદેશમાં નિવેદનો આપીને ભારતની છબી ખરાબ કરી રહ્યા છે. આમ, કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીના નિવેદન બાદ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ફરી એકવાર રાજકીય નિવેદનબાજી તેજ બની છે.

રાજુલા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કોટડીપરા મુકામે 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં સહભાગી બન્યા



રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલાતાલુકાના કોટડીપરા ગામની મુલાકાત લીધી હતી. આ તકે રાજયપાલ સહિતના મહાનુભાવો 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં સહભાગી બન્યા હતા અને ઉપસ્થિત સેને નિયિમિત સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન પુરૂ પાડયું હતું, સાથે રાજયપાલએ સફાઈ કર્મીઓને સન્માનિત પણ કર્યા હતા. રાજયપાલએ ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આપણે ઓકિસજન વિના જીવી શકતા નથી, આથી વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણ કરવું અનિવાર્ય છે. 'સ્વચ્છતા હી સેવા' પ્રવૃત્તિ દરમિયાન રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનોને પોતાના ઘરની સાથે ઘરની આસપાસના વિસ્તારની પણ નિયમિત રીતે સાફ સફાઈ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્વચ્છતા થકી સન્માન વધે છે. ઉલ્લેખનીય છે કે, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કોટડીપરા મુકામે ગીર ગાય ગૌશાળાની મુલાકાત લઈને ગૌ સેવા કરી હતી. આ તકે સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, કોટડીપરા સરપંચ લીલાબેન મનુભાઈ નકુમ, સ્થ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનાં અધ્યક્ષ સ્થાને

રાજુલાનાં સમૂહખેતી ગામ ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો

પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં ઓર્ગેનીક કાર્બન વધશે અને આવનારી પેઢી ઝેરી આહારથી બચશે

ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તો પ્રધાનમંત્રીનું 'વિકસિત ભારત'નું સ્વપ્ન ઝડપથી સાકાર થશે

પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતા અને ખેડૂતોની આવક વધશે : કૃષિમંત્રી

સામૂહિક ખેતીનાં પ્રણેતા ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ કરાયું



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઐતિહાસિક એવા સમૂહખેતી ગામ ખાતે આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં ' પ્રાકૃતિક ખેતી પરિસંવાદ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલએ સમૂહખેતીનો વિચાર સાકાર કરનાર સ્વ. ભગવાનબાપા અને સ્વ. ગોવિંદભાઈ સહિત ૧૮ પ્રણેતાઓને સ્મરણાંજલિ આપી હતી અને ગોવિંદભાઈના નામે નિર્માણ પામનાર સરોવરનો ઉલ્લેખ કરી ગામની એકતાની સરાહના કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અને રાજ્ય સરકારની કૃષિલક્ષી નીતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કૃષિમંત્રીની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ અને પ્રાકૃતિક ખેતીના પ્રચાર–પ્રસાર માટે મંત્રીની પ્રતિબદ્ધતા અદભુત છે.

પરિસંવાદમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખેતીના દુષ્પરિણામ વિશે લાલબત્તી ધરી હતી. તેમણે જણાવ્યું

અનુસંધાન પાના ૬ ઉપર

રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ

બાબરામાં વીજપોલનાં ટ્રાન્સફોર્મરમાંથી રૂપિયા ૧૬ હજારની કિંમતનાં ઓઈલની ચોરી

પીજીવીસીએલનાં અધિકારીએ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૮

ગત તા. ૭ના રોજ ભાવનગર–રાજકોટ હાઈવે ઉપર વેલનાથ ઢાબાની સામે આવેલ ઈલેકટ્રીક વીજ પોલ નંબર ૧૧કેવી/ જીઆઈડીસી/બીએએસ/ ૦૪૨/ ડીટી૪૨ ઉપર લગાવેલ ૫ કેવીએના ટ્રાન્સફોર્મરમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે બંને ટ્રાન્સફોર્મરોની અંદર રહેલ કોપરની કોઈલો તથા ટ્રાન્સફોર્મરમાં રહેલ ઓઈલ જેની કુલ અંદાજીત કિંમત રૂા. ૧૬,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની બાબરા પોલીસમાં પી.જી.વી.સી.એલ. બાબરા શહેર કચેરીના નાયબ ઈજનેર જીગરકુમાર વિનુભાઈ પટેલે નોંધાવતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

નિફ્ટીમાં પણ ઘટાડો થતાં રોકાણકારોમાં ચિંતા

શેરબજારમાં થયેલો મોટો કડાકો સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો

કારોબારના અંતે BSE સેન્સેક્સ ૫૦૦.૩૮ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨,૦૩૧.૮૧ના સ્તરે બંધ રહ્યો

મુંબઈ, તા.૧૮

ભારતીય શેરબજારમાં આજે નબળાઈનો માહોલ જોવા મળ્યો હતો. સપ્તાહના કારોબાર દરમિયાન વેચવાલીનું દબાણ વધતાં સેન્સેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ થયા હતા. બજારમાં આવેલા આ ઘટાડાને કારણે રોકાણકારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ક્ષેત્રના શેરોમાં નબળાઈ જોવા મળી હતી.

આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૫૦૦.૩૮ પોઈન્ટના

અનુસંધાન પાના ૬ ઉપર

ચૂંટણી ખર્ચ ૫૦ ગણો વધ્યાનો પણ આક્ષેપ

ભારત આર્થિક સંકટની અણીએ ઊભું છે', રાહુલ ગાંધીનો દાવો

કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન બેરોજગારી અને શિક્ષણ વ્યવસ્થાને લઈને સરકાર પર સાધ્યું નિશાન



નવી દિલ્હી/ન્યૂયોર્ક, તા.૧૮

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન ભારતની આર્થિક સ્થિતિને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો કે ભારત એક મોટા આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં વધતી બેરોજગારી, શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ અને રોજગારીની મર્યાદિત તકોને લઈને તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથેની ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતમાં બેરોજગારીની સમસ્યા અત્યંત ગંભીર છે અને શિક્ષણ વ્યવસ્થામાં પણ ઊંડી ખામીઓ છે. તેમના મતે, ખાસ કરીને મધ્યમ વર્ગના શિક્ષિત યુવાનોને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારી અને ભવિષ્યની તકો અંગે અનિશ્ચિતતા સતાવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે યુવાનોને હવે પોતાના ભવિષ્યની કોઈ સ્પષ્ટ દિશા દેખાતી નથી. નવી પેઢી પોતાના માતા-પિતાને પણ સવાલ કરી રહી છે કે અગાઉની પેઢી માટે સફળતાનો જે માર્ગ હતો તે હવે તેમના માટે કેમ કામ કરતો નથી.

રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચારમાં થતા ખર્ચ અંગે પણ મોટો સવાલ ઉઠાવ્યો હતો. તેમણે દાવો કર્યો કે અગાઉની ચૂંટણીઓની સરખામણીએ તાજેતરના ચૂંટણી પ્રચારમાં ૨૦થી ૫૦ ગણો વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. આટલી મોટી રકમ ક્યાંથી આવી રહી છે તે અંગે

અનુસંધાન પાના ૬ ઉપર

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. વિરલ વસાણી	ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન	મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
	તા. ૧૯/૧૧/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧	
ડો. ઝલક શાહ ઉપાધ્યાય	પીડીયાટ્રીક એન્ડોક્રાઈનોલોજીસ્ટ	બાળકોના થાઈરોઈડ, ડાયાબીટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત
	તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૨	
ડો. અર્થ હિંગળાજીયા	ગેસ્ટ્રોસર્જન	પેટ, આંતરડા, લીવરના સર્જન
	તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧	
ડો. જય વિકલાણી	કાર્ડિયોલોજીસ્ટ	હૃદયરોગ નિષ્ણાંત
	તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦	
ડો. સાગર બરાસરા	એન્ડોક્રાઈનોલોજીસ્ટ	ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
	તા. ૨૧/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨	

(જુના રિપોર્ટ સાથે લાવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૪૪૩૪

ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા (સર્જીકલ ઓન્કોલોજીસ્ટ)

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

ડો. ઉત્સવ ઉનડકટ (ઓન્કોલોજીકલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૪૭૩ ૬૧૪૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એમ.બી. - મારગેડ, ઓન્કોલોજી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૩૩૦

Sheetal ICE CREAM

WE ARE HIRING

JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Namkeen Sales HOD - 1
- Liaisonig Officer - 2
- Sales & Marketing Officer - 3 (Ice cream/Mukhwas/Namkeen)
- Cashier - 2
- Sales Co - Ordinator - 7
- Business Development Manager - 1
- Franchise Development Manager - 1
- Junior Accountant - 2
- Billing Operator - 2
- Telecaller - 1
- Reporting Manager - 2
- HR - Recruiter - 1

Only Male Candidates With Experience May Apply.

Location :
Amreli, Gujarat.
hrsopl1987com
+91 95109 59957

APPLY NOW

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ

SHYAM Caterers

સ્પે. ગુજરાતી થાળી

શ્યામ ડાઈનીંગ હોલ
(એ.સી.હોલ)

શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ | શીંગતેલમાં રજવાડી ઉંધીયુ

અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ

The King of catcring service

અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫

સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી
તેમજ પંજાબી મળશે...

॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥

પંજાબી | ચાઈનીઝ

કાઠિયાવાડી | પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે

શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩

કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)